
સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દૃષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ



# વાળંદ વિકાસ


દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે

વર્ષ : ૬૮ ● અંક - ૧ ● જાન્યુઆરી ૨૦૨૪ ● છૂટક પ્રત રૂ. ૧૦/- આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)

-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ




સ્વ. રેવાભાઈ નાયી



સ્વ. ગોરધનદાસ દલાલ




-: 'સંઘ'ના ઉદ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
**ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ

નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.
નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.

# BIO-DATA



## DR. PRACHI PAREKH

MOBILE NO. : 7359791621
ADDRESS : D/63 PUSPAK TENAMENT
SAMA SAVLI ROAD, VADODARA.

**ABOUT ME :**

DATE OF BIRTH : 17/04/2000
HEIGHT : 5'1"
WEIGHT : 60 KG
EDUCATION : M.B.B.S. [PSMC,KARMSAD][2017]
FUTURE PLAN : POST GRADUATION
HOBBIES : READING FICTION,
SPIRITIAL BOOKS,
TRAVELLING, CANVAS PAINTING.




**FAMILY BACKGROUND:**

FATHER : **DR.JIGNESH PAREKH**
MO.NO. 9638900621
OCCUPATION : D.H.M.S. PRACTISING AT
VADODARA & SAVLI.
MOTHER : **DR. CHETANA PAREKH**
MO.NO. 9427590621
OCCUPATION : D.H.M.S. MEDICAL OFFICER
AT GHMC SAVLI,
PRACTISING AT VADODARA
SIBLINGS : **DARSHAN PAREKH** STUDYING
M.B.B.S. AT GMERS HIMATNAGAR
GRAND FATHER : **LATE. JAYANTILAL PAREKH**
ADVOCATE GUJARAT HIGH COURT
NATIVE : SAVLI
CASTE : HINDU (VALAND)
NANAJI : **MR. SHANKARLAL BHATIYA,** RETIRED BSNL CLASS I OFFICER
MOSAL : GODHARA[NOW AHMEDABAD]
MAMA : **MR. MANISH BHATIYA,** TECHNICAL MANGER, AIRTEL
MO.NO: 8000001514
MAMI : M**rs. HETAL BHATIYA** CLASS I OFFICER [GOV. OF GUJARAT]

## જ્ઞાતિજનો જોગ સંદેશ



**શ્રી વિપુલભાઈ વસંતભાઈ દલાલ**
પ્રમુખશ્રી, ગુજરાત વાળંદ સેવા સંઘ
(સંઘના સ્થાપક ગોરધનદાસ એ. દલાલના પૌત્ર)



**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય**
મંત્રીશ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ
(સંઘની સેવામાં ચાર દાયકાથી સતત પ્રવૃત્ત)

સુજ્ઞ જ્ઞાતિજનો,

ગુજરાત વાળંદ સેવા સંઘની સ્થાપના તા. ૨૦-૪-૧૯૫૭ના રોજ શ્રીમાન ગોરધનદાસ અમથારામ દલાલના પ્રમુખપદે મળેલ સભામાં કરવામાં આવી હતી. સંઘના આદ્યસ્થાપકશ્રીઓ સર્વશ્રી મોહનભાઈ એમ. વાળંદ (મેજીસ્ટ્રેટ), મણીલાલ ડી. વાળંદ, ડૉ. રામુભાઈ ભાટીયા, (તત્કાલિન ધારાસભ્યશ્રી) મગનલાલ ગંગારામ ભગત, કુબેરદાસ પારેખ, પુરુષોત્તમદાસ બુધેલીયા, છોટાલાલ ગાડીયા, વિશ્વનાથ લીંબાચીયા, ડૉ. ચંદુલાલ પારેખ, લાલજીભાઈ ઘારુઝા, નટવરલાલ કચરાભાઈ, મણીલાલ ગાંધી, મોતીલાલ વહેલાલવાળા, હિંમતલાલ સુર્યાવાલા, અંબુભાઈ વાળંદ, ઉમેદભાઈ એચ. લીંબાચિયા, હરિભાઈ કે. ભાટિયા, ભાઈલાલભાઈ કોન્ટ્રાક્ટર, (તત્કાલિન ધારાસભ્યશ્રી) મગનલાલ સમેજા, મણીલાલ વૈદ્ય, હેમલતાબેન વાળંદ, ત્રિભોવનદાસ એમ. માદલપુરાવાળા, બાબુલાલ છોટાલાલ વૈદ્ય, પોપટલાલ એમ. ભટ્ટી તથા અનેક શ્રેષ્ઠીઓએ જ્ઞાતિ-સેવાની ઉચ્ચ ભાવના અને સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે અને ભાવિ પેઢીના શિક્ષણ થકી સર્વાંગી વિકાસના ઉદ્દેશ્યથી ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદના નવરંગપુરા જેવા પૉશ વિસ્તારને અડીને આવેલાં વિવિધ શૈક્ષણિક સંકુલો, ગુજરાત યુનિવર્સિટીની નજીકના વિસ્તારમાં આપણી જ્ઞાતિના છાત્રાલયના નિર્માણનો શુભ સંકલ્પ કર્યો.

આ છાત્રાલયના નિર્માણ માટે સ્વદેશમાંથી દાન આપનાર મુખ્યત્વે **શાંતિલાલ લાલજીભાઈ લાંઘણેજીયા (પારલેવાળા), મગનલાલ ભગવાનજી સમેજા, ગોરધનદાસ અમથારામ દલાલ** ઉપરાંત અનેક દાતાશ્રીઓ અને એકત્ર કરીને દાન આપનાર અનેક સમાજ/જથનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તે સમયે આફ્રિકન દેશોમાં વસતા આપણા જ્ઞાતિજનો પાસેથી દાનની ટહેલ માટે સ્વખર્ચે પ્રવાસ ખેડનાર **શ્રી મોહનભાઈ મેજીસ્ટ્રેટ, શ્રી લીલાધર ઘેલાભાઈ પારેખ**ની ઉદાત્ત સેવાભાવનાનાં દર્શન થાય છે. તેમનો પ્રવાસ ફળીભૂત થતાં આફ્રિકન દેશમાં વસતા માનવંતા દાતાશ્રીઓ **વરવાભાઈ મૂળજીભાઈ નાયી, સાંકાભાઈ હરિભાઈ નાયી, રેવાભાઈ વાલજીભાઈ નાયી** વિગેરે ઉદારતાથી દાન આપી/અપાવીને એકત્રિત મોટી રકમનું સંસ્થાને દાન મેળવી આપવામાં શિરમોર રહ્યા, તદ્ઉપરાંત આફ્રીકન દેશમાં વસતા અન્ય દાતાશ્રીઓ સર્વશ્રી શ્રી ડી. એલ. મિસ્ત્રી, શ્રી હરમાનભાઈ શીવાભાઈ મહાવીર, સોસ્તર જથના ભાઈઓ હ.. પુંજીરામ આર્ય તથા પ્રભુદાસ મિસ્ત્રી, શ્રી નરસિંહભાઈ વૈદ્ય, વિઠ્ઠલભાઈ સી. વાળંદ, હીરાલાલ કે. મિસ્ત્રી, ગોવિંદભાઈ હીરાભાઈ, શાંતિલાલ ગોવિંદજી મિસ્ત્રી, આશાભાઈ પારેખ, અંબાલાલ મિસ્ત્રી અને અન્ય અનેક સમાજશ્રેષ્ઠીઓનું દાન પણ નોંધનીય રહ્યું. આ બધા દાનના સહારે છાત્રાલયના અજોડ નિર્માણનું સ્વપ્ન સાકાર થઈ શક્યું.

છાત્રાલયની સ્થાપનાથી માંડી આજપર્યંત આશરે પાંસઠ વર્ષમાં આપણી જ્ઞાતિના છેવાડાના વિસ્તારમાં વસતા અનેક ગરીબ અને મધ્યમવર્ગીય ભાઈઓના બાળકોને નજીવી ફીથી અભ્યાસ માટે ખૂબ ઉપયોગી સુવિધા મળી જેનો આશરે પાંચેક હજાર વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. કેટલાય વિદ્યાર્થીઓ પોતાની કારકીર્દિ ઘડીને બે પાંદડે થઈ પોતાના પરિવારની પ્રગતિ કરી શક્યા છે. સંસ્થામાં રહી અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને હવે પુનઃનિર્માણના અભિયાનમાં આર્થિક સહયોગ કરી સંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરવાનું આહ્વાન કરીએ છીએ.

આ છાત્રાલયની ઈમારત આજે સાત દાયકા જૂની થતાં હવે એ સમયના વહીવટકર્તાઓ અને દાતાશ્રીઓના સહયોગથી નિર્માણ કરેલ છાત્રાલય કાળક્રમે પુરાતન થયેલ હોઈ તેની જગ્યાએ આજના અદ્યતન જમાનાને અનુરૂપ અને છાત્રાલયમાં વિદ્યાર્થીઓને આધુનિક સુવિધા સાથે વધારે સંખ્યામાં સમાવી શકાય તથા સમાજને સુંદર સાંસ્કૃતિક ભવન મળી રહે તે હેતુથી ભવ્ય નવિન બહુમાળી ભવન બાંધવાનું ભગીરથ કાર્ય આપ સૌના સહયોગની અપેક્ષાએ હાથ ધર્યું છે જે સમાજનું ઘરેણું બની રહેશે એની ખાત્રી આપીએ છીએ.

**વિપુલભાઈ વી. દલાલ**
**ભાનુભાઈ એન. વૈદ્ય**

# દરેક ફ્લોર વાઇઝ સુવિધા અને દાનની રકમની વિગત

| | | |
|---|---|---|
| 1 | ગ્રાઉન્ડ ફ્લોર<br>ડાઈનીંગ હોલ = 3920 ચો. ફૂટ | ₹51,00,000/- |
| 2 | પ્રથમ માળ<br>મેરેજ હોલ = 3920 ચો. ફૂટ | ₹51,00,000/- |
| 2 | બીજો માળ | |
| | રૂમ - 6 - 200 ચો. ફૂટ - રૂમ દીઠ | ₹5,51,000/- |
| | બોર્ડ રૂમ = 797 ચો. ફૂટ | ₹11,00,000/- |
| | સેમીનાર હોલ = 905 ચો. ફૂટ | ₹11,00,000/- |
| | ટ્રસ્ટી રૂમ = 413 ચો. ફૂટ | ₹7,51,000/- |
| | કાર્યાલય = 141 ચો. ફૂટ | ₹5,00,000/- |
| | સર્વિસ પેન્ટ્રી = 285 ચો. ફૂટ | ₹5,00,000/- |

## ત્રીજો માળ

| | | | |
|---|---|---|---|
| ગૃહપતિ રેસીડન્ટ | = | 440 ચો. ફૂટ | ₹5,00,000/- |
| સ્ટોર-1 | = | 285 ચો. ફૂટ | ₹2,51,000/- |
| સ્ટોર-2 | = | 125 ચો. ફૂટ | ₹2,51,000/- |
| રસોડું | = | 512 ચો. ફૂટ | ₹31,00,000/- |
| ડાઈનીંગ હૉલ | = | 864 ચો. ફૂટ | |
| લાયબ્રેરી | = | 1450 ચો. ફૂટ | ₹21,00,000/- |
| રૂમ-1 (મોનટરીંગ રૂમ) | = | 518 ચો. ફૂટ | ₹5,00,000/- |

## ચોથો, પાંચમો અને છઠ્ઠો માળ

| | | |
|---|---|---|
| દરેક માળ દીઠ રૂમ-16<br>કુલ - 48 રૂમ | રૂમ દીઠ = 200 ચો. ફૂટ | ₹5,51,000/- |

## અન્ય સુવિધાઓ

| | | |
|---|---|---|
| લીફ્ટ - 4 | લીફ્ટ દીઠ | રૂા. 15,00,000/- |
| વૉટર કુલર | | રૂા. 3,51,000/- |
| સીસીટીવી કેમેરા | | રૂા. 3,51,000/- |
| એ.સી. - 50 | એક એ.સી. દીઠ | રૂા. 50,000/- |
| ફાયર સીસ્ટમ | | રૂા. 11,00,000/- |
| સોલર સીસ્ટમ | | રૂા. 8,00,000/- |

# ગુજરાત વાળંદ સેવા સંઘ

(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)


: પ્રમુખ :

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

: મંત્રી :

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

: ઉપપ્રમુખ :

શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

: સહમંત્રી :

શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

શ્રી પ્રવિણકુમાર શીવરામભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૪૨૮૦૦૮૭૫૪

શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

: કોષાધ્યક્ષ :

શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

: અન્વેષક :

શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

: શ્રી પુંધરા વાળંદ વિદ્યાર્થી ગૃહ :

ચેરમેન : શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

વા.ચેરમેન : શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

મંત્રી : શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

: રેવાબા સાંસ્કૃતિક હૉલ :

ચેરમેન : શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

વાઈસ ચેરમેન : શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

મંત્રી : શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

: અન્ય ટ્રસ્ટી મંડળ :

શ્રી સુરેશભાઈ જે. શર્મા (અમદાવાદ)
શ્રી નાનુભાઈ એમ. વાળંદ (અમદાવાદ)
શ્રી યોગેશભાઈ એન. પારેખ (ખંભાત)
શ્રી હરેશભાઈ એસ. પારેખ (સુરત)
શ્રી ડાહ્યાભાઈ વી. લિમ્બાચિયા (સંઘપુર)
શ્રી અરવિંદભાઈ એસ. વૈદ્ય (અમદાવાદ)
શ્રી ધર્મેન્દ્રભાઈ સી. નાયી
શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (પાટણ)
શ્રી બી. ટી. નાયી (પાલ્લા)

: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઈજનેરી પાંખ) :

ચેરમેન : શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી) • વા. ચેરમેન શ્રી ગોપાળભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી) • એન્જિનીયર : શ્રી ભાવિનભાઈ બી. લિમ્બાચિયા મો. ૯૯૨૫૬૦૪૪૪૩

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી)
શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ)
શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી)
શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી
શ્રી દિલીપભાઈ જે. વાઘેલા
શ્રી હસમુખભાઈ આર. પારેખ

: હિસાબી-વહિવટી પાંખ :

શ્રી મફતભાઈ વી. પારેખ
શ્રી જયંતિભાઈ કે. લિમ્બાચિયા
શ્રી નરોત્તમભાઈ એચ. નાયી
શ્રી વિપુલભાઈ વી. દલાલ
શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય

: એડવાઈઝરી કમિટિ :

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર)
શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા)
શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી બિપીનભાઈ આર. વાળંદ (ટીમ્બા, સુરત)
શ્રી ચૈતન્યભાઈ મહાવદિયા (અમદાવાદ)
શ્રી જીતુભાઈ ખરચરિયા (અમદાવાદ)

: પ્રચાર-પ્રસાર કમિટિ :

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત)
શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ)
શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ)
શ્રી શશીભાઈ પારેખ (આણંદ)
શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)

## વાળંદ વિકાસ

Email : valandvikas@valandsevasangh.org

પ્રકાશક : **શ્રી બાલુભાઈ બી. પારેખ**
મો. : ૯૪૨૮૫૦૩૨૯૧

તંત્રી : **શ્રી જયંતીભાઈ કે. લિમ્બાચીયા**
મો. : ૯૪૨૮૦૪૧૦૧૯

સહતંત્રી : **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)**
મો. : ૯૪૨૬૩૯૧૩૦૨

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |

૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. નં. ૯૫૧૦૦૮૩૩૨૬ પર કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે તથા કાર્યાલયના ફોન નંબર ૦૭૯-૨૬૩૦૩૦૨૮ પર જાણ કરવાની રહેશે.


| | |
|---|---|
| બેંકનું નામ | : **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : 20011010001O827 |
| ખાતાનું નામ | : વાળંદ વિકાસ |
| IFSC Code | : BKID0002001 |
| MICR Code | : 380013040 |

**-: કાર્યાલય :-**

**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮

www.valandsevasangh.org

Email : info@valandsevasangh.org

## તંત્રીશ્રીની કલમે

# શાશ્વત સુખનો પાસવર્ડ

વિખ્યાત અંગ્રેજી નાટ્યકાર-લેખક શેક્સપિયરના પ્રખ્યાત નાટક હેમલેટમાં એક જાણીતો રૂઢિપ્રયોગ છે. **'ટુ બી ઓર નોટ ટુ બી'** જિંદગીનું હોવું કે ન હોવું એને લગતો હેમલેટના મગજમાં ચાલી રહેલો ગૂંચવાડાસભર વિરોધાભાસ કદાચ આમાં પ્રતિબિંબિત થતો હોવાનું માની શકાય. આશા એ અડધું જીવન છે, એમ વિચારી શેક્સપિયર આખરે એ નિષ્કર્ષ પર આવે છે કે જિંદગી આખરે અડધા ભરેલા કપ જેવી છે. પણ માનવસહજ સ્વભાવ છે કે શેની અધૂરપ છે તે યાદ રહે છે, અર્થાત્ જેમને કપ અડધો ખાલી હોવાનું દેખાતો હશે તેવો સમાજ-દુનિયામાં બહોળો વર્ગ હશે. તેમને મન નિરાશા એ કદાચ અડધું જીવન ગણાતું હશે. બસ આ જ માન્યતાના સહારે સુખની શોધમાં મનુષ્ય ભટક્યા કરે છે, છતાં તેને સુખી થવાની કળા, સુખનો માર્ગ પ્રાપ્ત થતો નથી. કારણ? ભૌતિકતાસભર સુખોની લાલસાનો કોઈ અંત હોતો નથી. તેમાંય વળી નકારાત્મક વિચાર છે 'અભાવ'નો. પોતા પાસે ઓછું છે તે ખ્યાલ માણસને પીડે છે.

મોટે ભાગે તો નકારાત્મક વલણને કારણે દુઃખ સર્જાતું હોય છે. સુખ તો આપણને સ્વભાવગત મળેલું છે અને દુઃખ આપણે પોતે ઊભું કરીએ છીએ. દુઃખનું નિર્માણ બંધ કરી દઈએ તો સુખને આવવાનો અવકાશ મળી જાય પણ આપણે તો બારણાં બંધ કરીને બેઠા છીએ. ઇચ્છા, વધુ પડતી અપેક્ષાઓ, ખોટા આગ્રહો, દરેક બાબતમાં અધીરાઈ, ઈર્ષ્યા-અદેખાઈ, અહંકાર, વાતવાતમાં ઉશ્કેરાટ અને આવેશ વિગેરે રૂપી તાળાં ખોલી નાખીએ તો દુઃખ રહેશે નહીં. જીવનમાં જે મળ્યું છે એની અવગણના અને જે મળ્યું નથી એ મેળવવાની ઝંખના અસંતોષ પ્રગટાવે છે.

આ જગત પરિવર્તનશીલ છે, અનિત્ય છે, વિનાશી છે. કશું શાશ્વત નથી. કોઈપણ ચીજવસ્તુ ભલે

ગમે તેટલી શુદ્ધ અને સુંદર હોય પણ તેની સુંદરતા લાંબો સમય ટકતી નથી. સમયની સાથે બધું જીર્ણ થતું-બદલાતું રહે છે. આજે જે વસ્તુ સારી લાગે છે તે કાલે કદાચ ગમશે કે કેમ તે નિશ્ચિત નથી. જિંદગી વહેતા ઝરણા જેવી છે તેમાં આરોહ-અવરોહ આવે પણ વહેણ અવિરત હોવું જોઈએ. જીવનમાં સુખ-દુઃખ આવ્યા કરે, ચાલ્યા કરે ! વર્ષો પહેલાંના ચલચિત્ર 'રફ્તાર'ના ગીતની પંક્તિ હૃદયસ્પર્શી છે. 'સંસાર હૈ એક નદિયા, દુઃખસુખ દો કિનારે હૈ, ન જાને કહાં જાએ, હમ બહતે ધારે હૈ'. સુખ અને દુઃખ એક પરિસ્થિતિ છે, એક સંજોગ છે દુઃખ વગર સુખ અને સુખ વગર દુઃખની કલ્પના કરવી મુશ્કેલ છે. બંને અવસ્થા એકબીજા માટે સાપેક્ષ છે.

જિંદગી એટલે ઝિંદાદિલી. ખુશમિજાજ રહેવું અને ગમે તે સ્થિતિનો ખુમારીથી મુકાબલો કરવો એ તેના પરિમાણ છે. જીવન છે તો પ્રશ્નો તો ઉદ્‌ભવવાના છે, કારણ સંસાર મૂળભૂત રીતે અનાદિકાળથી દ્વન્દ્વના પાયા પર રચાયો છે. આ દ્વન્દ્વો સહન કરવાનો બોધ ભારતીય અધ્યાત્મ વિદ્યાના ગ્રંથોમાં અનેક જગ્યાએ જોવા મળે છે. તિતિક્ષા જીવનવિકાસનું એક મૂલ્યવાન બળ છે. સોનું અગ્નિમાંથી પસાર થાય છે ત્યારે વધુ શુદ્ધ બને છે. કારણ પ્રતિકૂળ સંજોગોમાં આત્મશક્તિનો વિકાસ થાય છે એ ન્યાયે જોઈએ તો સમસ્યાઓ, વિટંબણાઓ, અસુવિધાઓ જેમના જીવનમાં આવી જ નથી તેઓ શુષ્ક અને તેજહીન રહી જાય છે. દુઃખના સમયે મન સ્વસ્થ, ગ્લાનિરહિત તથા સ્થિર હોય તો માર્ગ મળી રહે છે. જીવનનાં દ્વન્દ્વોને સમતા રાખી જીરવવા, પચાવવા કે સહી લેવામાં વીરતા છે. અને આમ જોઈએ તો યોગદર્શનમાં આ જ તો પાયાની બાબત છે. યોગસૂત્રના દ્વિતીય પાદમાં યોગાસનના અભ્યાસનું ફળકથન કરતાં ભગવાન પતંજલિનું કથન છે. 'त तो द्वन्द्वानभिघातः ।' અર્થાત્ તેના થકી સુખદુઃખ, ઠંડી-ગરમી, તડકો-છાંયડો, માન-અપમાન, જય-પરાજય આદિ દ્વન્દ્વોથી વિચલિત ન થવાય તેવી અવસ્થા અનુભવાય છે. શ્રીમદ્ ભગવતગીતાના બીજા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે 'सिद्धसिद्धयोः समो भुत्वा समत्त्वं योग उच्यते !' સફળતા-વિફળતામાં મનનું સંતુલન જાળવી રાખવું તે યોગ છે. સારાની સાથે નરસું, સુંદરતાની સાથે કુરૂપતા અને સર્જનની સાથે વિસર્જન વીંટળાયેલું છે. જગતમાં સાર-અસાર બંને છે. આપણે સાર ગ્રહણ કરીએ અને અસારને છોડી દઈએ. અસાર કેમ છે તેની ભાંજગડમાં પડીશું તો સાર પણ હાથમાં નહિ આવે અને અસારનું ગાઢ ચિંતન કરીશું તો અસારરૂપ બની જઈશું..!

મનુષ્ય જન્મ એ કુદરતની અણમોલ ભેટ છે. સ્વયંને જાણ્યા વગર કોઈ સિદ્ધિ નથી. જે મળ્યું છે તેમાં શું ઓછપ કે અધૂરાશ છે ? તેને અન્યની તુલનાએ ઓછું આંકી અફસોસ કરવો નિરર્થક છે. સુખ માણસની સામે છે. તેને શોધવાનું નથી. માત્ર આંખો ઉઘાડી રાખવાની છે. આપણા દુઃખનું મૂળ કારણ એ છે કે જે મળ્યું છે તેમાં સંતોષ નથી અને જે નથી મળ્યું તે ખટકે છે. આવી દશામાં આપણે આજનું સુખ ગુમાવીએ તે કેમ પરવડે! સુખ કે દુઃખ કોઈ કોઈને આપી શકતું નથી કે લઈ શકતું નથી. સુખી થવું કે દુઃખી એ આપણે સ્વયં નક્કી કરવાનું છે. ઉપલબ્ધ થયેલા સાધનોમાં અને જે મળે તેમાં રાજી હોઈએ તો તેના જેવું બીજું કોઈ સુખ નથી. હિંમત, ધૈર્ય અને પુરુષાર્થ હોય તો પ્રતિકૂળ સંજોગો બદલાતાં પણ વાર નથી લાગતી. આશા-નિરાશા સભર બદલાતા દોરમાં આશાવાદી વલણ અને હકારાત્મક અભિગમ જિંદગીના પ્રશ્નોને મહદઅંશે હળવા કરી શકવા સમર્થ છે.

જેનાથી સુખ મળે તે મિત્ર અને જે દુઃખનું નિમિત્ત બને તે શત્રુ એવી માન્યતા છે, પરંતુ સુખ પોતાના થકી મળે છે તેવું ભાગ્યે જ માનીએ છીએ. સુખને આપણાથી અલગ કરીને આપણે બીજાની સાથે જોડી દીધું છે. આપણી પાસે હૃદય છે. એ હૃદયમાં ઈશ્વરદત્ત ભીનાશ તથા પ્રેમની લાગણી અને સંવેદનાનાં સ્પંદનો પ્રસરાવીએ તો પોતે તો શાશ્વત સુખ પામીએ સાથે સંસર્ગમાં આવતા અન્યને પણ અહેસાસ કરાવી શકીએ. નિજ એટલે હું અને તેની સાથે 'આનંદ' શબ્દનો સમન્વય થાય એટલે નિજાનંદ. નિજાનંદાવસ્થા એ જ જીવનની સાચી મૂડી છે. તેમાં સાચું સુખ છે. આત્મવિશ્વાસ થકી ધર્મ-સંસ્કૃતિમાં શ્રદ્ધા રાખી જગતને જોવાની દૃષ્ટિ બની રહે તો સદૈવ સાચું સુખ વર્તાય. આપણે સાચું સુખ પામવાનો પ્રયાસ કરીએ.

જય સચ્ચિદાનંદ

**જયંતિભાઈ કે. લિમ્બાચિયા**

# સંસ્થા સમાચાર

## ટ્રસ્ટી મંડળની મીટીંગનો અહેવાલ

ગુજરાત વાળંદ સેવા સંઘના ટ્રસ્ટીમંડળની મીટીંગ **તા. ૨૪-૧૨-૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ટ્રસ્ટી અને વિદ્યાર્થીગૃહના ચેરમેન શ્રી મુકેશભાઈ પી. નાયીના નિવાસસ્થાને સંસ્થાના ઉપપ્રમુખ શ્રી પંકજભાઈ કે. નાયીના અધ્યક્ષપદે** મળી હતી. જેમાં ટ્રસ્ટીઓ ઉપરાંત વાળંદ વિકાસના તંત્રી-પ્રકાશક તથા શ્રી મફતભાઈ વી. પારેખ, શ્રી અશોકભાઈ વૈદ્ય, શ્રી કિરીટભાઈ ભટ્ટી, શ્રી ચૈતન્યભાઈ મહાવદીયા, શ્રી ભાવિનભાઈ બી. લિમ્બાચીયા વિગેરે હાજર રહ્યા હતા.

સભાની શરૂઆતમાં ગઈ સભાનું પ્રોસીડીંગ્સ સંઘના મંત્રીશ્રી ભાનુભાઈ વૈદ્યએ વંચાણે લીધું હતું, જે સભાએ બહાલ રાખ્યું. ત્યારબાદની કાર્યવાહીમાં મુખ્યત્વે સંસ્થા દ્વારા નવનિર્માણ થઈ રહેલ બહુમાળી ભવનના કામમાં શ્રી ભાવિનભાઈ બી. લિમ્બાચીયા કે જેઓ વ્યવસાયે સિવિલ એન્જિનિયર એન્ડ કોન્ટ્રાક્ટર છે, બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે, તેમણે સ્વૈચ્છિક રીતે બિલકુલ નિઃશુલ્ક માનદ્ સેવા આ પ્રોજેક્ટમાં આપવા તૈયારી દર્શાવી છે તેની સરાહના કરવામાં આવી અને છેલ્લા કેટલાક દિવસોથી શ્રી ભાવિનભાઈ બાંધકામ સાઈટની મુલાકાતે અવારનવાર આવીને પ્રોજેક્ટ કમિટિના સભ્યો સાથે રહી કામ સંબંધી ઠેકેદારને જરૂરી સૂચનો કરી જરૂર જણાઈ ત્યાં તકનિકી ક્ષતિ નિવારવા આગ્રહ રાખેલ, આથી તેમની કાબેલિયત જોતાં પ્રોજેક્ટ બાંધકામમાં પ્રોજેક્ટ કમિટિના પરામર્શમાં રહી નિયમિત સુપરવીઝન કરવા તથા કરારની જોગવાઈઓ અને સ્ટ્રક્ચરલ ડીઝાઈન અનુસાર બાંધકામ થાય તે સંબંધે કોન્ટ્રાક્ટરને સૂચનો કરવા શ્રી ભાવિનભાઈ લિમ્બાચીયાને અધિકૃત કરવામાં આવ્યા.

અન્ય કાર્યવાહીમાં, આ બિલ્ડીંગ પ્રોજેક્ટમાં થનાર ખર્ચને પહોંચી વળવા, નવા પ્રોજેક્ટની રૂપરેખા, મોડલ બહુમાળી ભવનની ઝાંખી, ફ્લોર વાઇઝ બાંધકામ-દાનની જરૂરીયાત, ગુ. વા. સેવા સંઘના સ્થાપના વખતના અગ્રણીઓ, સામાજિક કાર્યકરો તેમજ વિદ્યાર્થીગૃહ, સાંસ્કૃતિક હોલના નિર્માણ - આ બંનેમાં જેમનું વિશેષ યોગદાન છે તેવા દાતાશ્રીઓ વિગેરેની ઝલક દર્શાવતું તથા હાલના પદાધિકારીઓ, કમિટિઓના કાર્યવાહકો, એડવાઈઝર્સ સમાજના દેશ-વિદેશ સ્થિત શુભેચ્છક શ્રેષ્ઠીઓની ઝડપથી ઉપલબ્ધ થઈ તે નામાવલિ સમાવતું બ્રોસર જે તાજેતરમાં તૈયાર કરાયું છે તેનું વિતરણ દરેક ટ્રસ્ટીશ્રીઓને કરવામાં આવ્યું. આ બ્રોસરનો સમાજમાં બહોળો પ્રચાર-પ્રસાર થાય અને વ્યાપક પ્રમાણમાં દાન મળી શકે તેવા ઝડપી અને સઘન પ્રયાસો હાથ ધરવા આહ્‌વાન કરવામાં આવ્યું.

ગુજરાત વાળંદ સેવા સંઘની વેબસાઇટ www.valandsevasangh.org પર સંસ્થાની અદ્યતન વિગતો જેવી કે ટ્રસ્ટીઓની તથા સમિતિઓની યાદી, ઓડિટેડ વાર્ષિક હિસાબો, નવિન બિલ્ડીંગ પ્રોજેક્ટનું બ્રોસર, દાતાશ્રીઓના દાન/બાંધકામ સૌજન્ય જાહેરાત વિગેરે વિગતો પ્રસિદ્ધ કરવા વેબસાઈટ ચલાવતા શ્રી જીતેશભાઈ ઉપાધ્યાય સાથે થયેલ ચર્ચા તથા તેમની ઓફર, અંદાજિત ખર્ચની વિગતો વિગેરે શ્રી મુકેશભાઈ પી. નાયીએ રજુ કરી. જેને આગળ ધપાવી ઘટતું કરવા ટ્રસ્ટીમંડળે મંજૂરી આપી.

નવિન બિલ્ડીંગ પ્રોજેક્ટના કામમાં પ્રગતિની સમીક્ષા બાદ, મુખ્યત્વે હજુ પણ દાનનો પ્રવાહ જોઈએ તેટલો વેગવંતો નથી તેથી આ માટે દાનના વિવિધ સ્રોતો તલસ્પર્શી રીતે નજરસમક્ષ રાખી વિવિધ પ્રકારે સમાજના લોકોનો સંપર્ક કરવાની જરૂરત છે. આ માટે ઉપસ્થિત સહુ વક્તાઓએ પોત-પોતાનાં મંતવ્યો રજુ કરી દાન માટે સંગઠન મજબૂત કરવા, વિદેશના જ્ઞાતિભાઈઓ પાસેથી દાન મેળવવા કોઓર્ડિનેશન કરવા, દાન મેળવવા જિલ્લા વાઈઝ કાર્યકરોનું લીસ્ટ બનાવી બ્રોસર સાથે બીડવા, દાતાનો સંપર્ક રૂબરૂમાં તેમને ત્યાં જઈ લિંબચ માતાજીનો ફોટો આપી આરતી ઉતારી દાન માટે ટહેલ નાખવી, દાન માટે જનાર કાર્યકરને સંસ્થાનું ઓળખપત્ર આપવા, સરકારશ્રી દ્વારા ઓબીસી વર્ગ માટે જાહેર થયેલ સહાય-સવલતો આપણા સમાજના ભાઈઓને સરળતાથી મળે તે માટે સંગઠન રચવા જેવાં અનેક સૂચનો કર્યાં. સહુનો સૂર એક રહ્યો કે આપણા આ પ્રોજેક્ટ માટે મોટા પાયે દાનની જરૂરીઆત છે અને તે માટે સહુએ સામૂહિકપણે અને પોતપોતાની મેળે સંપર્કો થકી દાન આપવા તથા એકત્ર કરી આપવાના કામે ઝડપથી લાગી જઈ, સતત કાર્યરત થવું પડે તેમ છે. આ માટે હવે પછીની સભામાં કામગીરીનો રીવ્યુ લેવામાં આવશે તેવું જણાવવામાં આવ્યું.

આજની સભામાં ટ્રસ્ટી શ્રી એસ. બી. પારેખના વિશેષ પ્રયત્નો થકી **શ્રી બાબુભાઈ શર્મા (કોન્ગો) યુ.કે.** સ્થિત અને ચોર્યાસી જુથ ઝાક-દહેગામના વતની પધાર્યા

હતા. જેમને બુકે આપી સન્માનિત કરાયા હતા. પોતાના પ્રતિભાવમાં તેમણે આ પ્રોજેક્ટ માટે આનંદ પ્રદર્શિત કરી સારુ એવું દાન આપશે તેવી અંતરની લાગણી સહ સભાને આશ્વસ્થ કરેલ છે. આ ઉપરાંત ભાજપ, બજરંગ સેનાના મહિલા મોરચા અગ્રણી બીનાબહેન બલસારા (વતની નારદીપુર, હાલ ચાંદખેડા, અમદાવાદ) પધારેલ, જેઓ પણ આપણા સમાજના મહિલા મંડળોના ગ્રુપમાં સંસ્થાના બિલ્ડીંગ પ્રોજેક્ટનો પ્રચાર-પ્રસાર કરી દાન મેળવી આપવા પૂરતા પ્રયાસો કરશે તેમ જણાવેલ છે.અંતે, આભારવિધિ ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ બાવરિયાએ કર્યા બાદ સભાનું કામકાજ સંપન્ન થયું અને સ્વરૂચિ ભોજનની વ્યવસ્થા શ્રી મુકેશભાઈ પી. નાયીએ કરી ઔદાર્ય દાખવ્યું તે માટે ટ્રસ્ટીમંડળ તેમનો આભાર વ્યક્ત કરે છે.

**સંકલન : શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય**
**મંત્રી ગુ. વા. સેવા સંઘ**

## બિલ્ડીંગ પ્રોજેક્ટ ચેરમેનની અપીલ

સમાજ નિર્માણથી રાષ્ટ્રનિર્માણના અભિગમ સાથે, આપણા સૌના સોનેરી સહકારથી, અમદાવાદના હાર્દ સમા યુનિવર્સિટી એરિયામાં આપણું શિક્ષણધામ સંકુલ આકાર લઈ રહ્યું છે.

જ્યાં દૂર સુદૂર ગુજરાતના તમામ વિસ્તારમાંથી વિદ્યાભ્યાસ કરી, પોતાની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જ્વળ કરી શકે તેવા વિદ્યાર્થીઓનું ‘છાત્રાલય’ હશે. છાત્રાલયમાં અદ્યતન સુવિધાઓ, લાયબ્રેરી, ઑડિટોરિયમ, અદ્યતન સગવડ વાળી લગભગ ૪૮ રૂમો હશે. ટ્રસ્ટી સભા ખંડ, વાંચનાલય, ઇન્ડોર ગેમ, સ્ટુડન્ટ કાઉન્સેલીંગ રૂમ, સાંસ્કૃતિક હોલ, બોર્ડરૂમ, સેમીનાર હૉલ, કાર્યાલય, સર્વીસ પેન્ટ્રી, ગૃહપતિ આવાસ, સ્ટોરરૂમ, ડાયનીંગ હોલ, મોનીટરીંગ રૂમ, લીફ્ટ નં. ૪, સી. સી. ટીવી કેમેરા, એર કન્ડીશન્ડ, ફાયર સીસ્ટમ, સોલર સીસ્ટમ, વોટરકુલર, ટી.વી. સ્ક્રીન વિ. અદ્યતન સુવિધાયુક્ત સગવડો ઉપલબ્ધ કરાવવા આયોજન છે.

રાજ્યનું શ્રેષ્ઠ શિક્ષણધામ બનાવવા ટ્રસ્ટીશ્રીઓ એક જૂટ થઈ તન, મન, ધન અને કર્મ થકી પોતાની શ્રેષ્ઠ સમાજસેવા ઉજાગર કરી રહ્યા છે. સમાજના શ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિઓ, અધિકારીઓ, શોપ કીપર, બ્યુટી પાર્લર, ધંધાદારી, નોકરીયાત, સામાજિક સંસ્થાઓ, પરદેશના દાતાશ્રીઓ, ભાઈઓ તથા બહેનો સંકલ્પને સિદ્ધ કરવા આપના આર્થિક સહયોગની તાતી જરૂરીયાત છે. ભગવાને આપને ઐશ્વર્ય અને સમૃદ્ધિ આપી છે. તેમાંથી આ સરસ્વતીનું શિક્ષણધામ બનાવવા દાનનો હાથ લંબાવવા વિનંતી.

**કાલીદાસભાઈ કે. પારેખ**
**ચેરમેન, પ્રોજેક્ટ કમિટિ,**
**ગુજરાત વાળંદ સેવા સંઘ, અમદાવાદ**

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે ડિસેમ્બર માસમાં આવેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૧,૧૧,૦૦૦/- | શ્રી ચંદ્રકાંતભાઈ એફ. પારેખ, મુંબઈ |
| ૧,૧૧,૦૦૦/- | શ્રી ઉષાબેન એસ. શર્મા હસ્તે વિજયભાઈ એમ. લિમ્બાચીયા |
| ૫૧,૧૫૧/- | શ્રી જયંતીલાલ નાગરદાસ નાયી, અમદાવાદ |
| ૨૧,૦૦૦/- | શ્રી નારાયણભાઈ એ. નાયી, મુંબઈ |
| ૧૧,૧૧૧/- | શ્રી અલકાબેન શૈલેશભાઈ નાયી, પાટણ |
| ૧૧,૦૦૦/- | શ્રી અશોકભાઈ એ. વૈદ્ય, મહેસાણા |
| ૧૧,૦૦૦/- | સ્વ. આનંદીબેન ડાહ્યાભાઈ હસ્તે ડાહ્યાભાઈ મફતલાલ શર્મા, વાવોલ, ગાંધીનગર |
| ૫,૧૦૦/- | શ્રી અંબાલાલ બબલદાસ નાયી, ડરણ, તા. કડી |
| ૫,૧૦૦/- | શ્રી રમણભાઈ એસ. લિમ્બાચીયા, અમદાવાદ |
| ૫૦૦૦/- | શ્રી મૌલિકકુમાર કેશવલાલ મસીયાવા, ધ્રાંગધ્રા |

## જાહેર થયેલ દાનની યાદી

| | |
|---|---|
| ૫,૫૧,૦૦૦/- | શ્રી લિંબચ માતા જ્યાલા માતા ચેરિટેબલ શૈક્ષણિક ટ્રસ્ટ, અમદાવાદ હસ્તે પ્રમુખશ્રી ભાનુભાઈ એન. વૈદ્ય તથા મંત્રીશ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી |

## સમાજના શુભેચ્છક શ્રેષ્ઠીઓ (N.R.I. Commitee) (U.K.)

| | |
|---|---|
| શ્રી અરુણભાઈ કે. શર્મા, ચડાસણા (યુ.કે.) | ૪૪૭૪૦૪૦૫૬૫૦૩ |
| શ્રી જગદીશભાઈ નાયી, વેડા (યુ.કે.) | ૪૪૭૯૫૧૫૭૧૪૯૯ |
| શ્રી મુકેશભાઈ એમ. લિમ્બાચિયા (યુ.કે.) | ૪૪૭૮૨૮૧૧૨૨૮૧ |
| શ્રી મુકેશભાઈ ચોક, (યુ.કે.) | ૪૪૭૯૫૭૩૨૧૪૬૧ |
| શ્રી હસિતભાઈ પરમાર (લેસ્ટર) (યુ.કે.) | ૪૪૭૮૫૬૭૪૦૫૦૧ |
| શ્રી ત્રિભોવનભાઈ જોટંગીયા (યુ.કે.) | ૪૪૭૯૫૭૩૦૪૮૯૮ |
| શ્રી મુકેશભાઈ શર્મા (યુ.કે.) | |
| શ્રી અમરતભાઈ પી. વૈદ્ય, લેસ્ટર (યુ.કે.) | ૦૦૪૪૭૯૦૪૭૫૩૦૭૩ |
| શ્રી ચંદ્રકાન્તભાઈ કે. લિમ્બાચિયા, ગુંજા (યુ.કે.) | |
| શ્રી રમણભાઈ બાર્બર (યુ.કે.) | +૪૪૭૫૩૩૬૦૬૯૭૮ |
| શ્રી ધીરેન નારણભાઈ નાયી, પામોલ | +૪૪૭૯૫૧૨૬૨૦૮૧ |
| શ્રી બકુલચંદ્ર પી. લિમ્બાચિયા | +૪૪૭૭૩૩૧૦૫૧૧૪ |
| શ્રી શૈલેશભાઈ કે. નાયી, લાડોલ (યુ.કે.) | ૪૪૭૭૮૮૦૯૬૭૪૨ |
| શ્રી દિલીપભાઈ ડી. સાલડી (યુ.કે.) | ૪૪૭૮૦૮૯૩૨૮૫૮ |
| શ્રી ચંદુભાઈ શર્મા (યુ.કે.) | ૪૪૭૪૪૦૭૪૪૦૯૮ |
| શ્રી બાબુભાઈ નાયી (યુ.કે.) | ૪૪૭૯૧૨૬૪૫૯૦૪ |
| શ્રી મહેન્દ્રભાઈ નાયી (લેસ્ટર) (યુ.કે.) | ૪૪૭૭૯૨૪૬૪૪૦૪ |
| શ્રી બાબુભાઈ શર્મા (કોન્ગો) (યુ.કે.) | ૯૫૧૨૩૯૨૯૨૨ |
| શ્રી ભરતભાઈ આર. વૈદ્ય,ઈટાદરા (યુ.કે.) | ૪૪૭૮૭૭૧૫૩૦૬૨ |
| શ્રી દશરથભાઈ એચ. લિમ્બાચિયા, કોલાવડા (યુ.કે.) | |
| શ્રી મહેન્દ્રભાઈ એ. શર્મા, રણાસણ (યુ.કે.) | +૪૪૭૮૭૯૪૦૫૮૨૪ |
| શ્રી જયેશભાઈ આર. લિમ્બાચીયા, વસઈ | +૪૪૭૯૨૦૫૨૧૯૯૨ |
| શ્રી હરિભાઈ દયાળજી મારૂ (નૈરોબી) આફ્રિકા | ૯૯૭૪૦૮૯૩૩૩<br>+૨૫૪૭૨૨૮૧૩૫૫૫ |

## સમાજના શુભેચ્છક શ્રેષ્ઠીઓ (N.R.I. Commitee) (U.S.A.)

| | |
|---|---|
| શ્રી હિતેશભાઈ નાયી, લાડોલ, ન્યુજર્સી | ૦૦૧૭૩૨૬૦૬૨૫૨૯ |
| શ્રી રતિલાલ કે. વૈદ્ય, લાડોલ | ૦૦૧૨૦૧૨૪૭૮૩૨૧ |
| શ્રી હરગોવનભાઈ સી. શર્મા | ૦૦૧૯૧૨૮૪૪૭૭૭૦ |
| શ્રી ભીખુભાઈ એમ. ડીંગુચા, નાયી | ૦૦૧૬૩૧૫૬૦૨૭૧૮ |
| શ્રી હસમુખભાઈ દહેણીયા, સુરત | |
| શ્રી હિતેન્દ્ર સાંકળભાઈ નાયી | +૧૭૩૨ ૬૦૬૨ ૫૨૯ |
| ડૉ. રાકેશ સોમેશ્વરભાઈ શર્મા | +૧૮૬૨૨૨૨૪૭૮૨ |
| શ્રી પંકજભાઈ, શિકાગો | +૧૮૧૫૫૪૬૬૮૭૩ |
| શ્રી વિષ્ણુભાઈ એન. લિમ્બાચીયા, કામળી | ૭૯૮૪૪૯૮૪૨૫ |
| ડૉ. કેયુરભાઈ એમ. પારેખ, શિકાગો | +૧૮૪૭૩૦૬૨૩૨૧ |
| શ્રી જસવંતભાઈ બી. પારેખ, ન્યુજર્સી | ૦૦૧૭૩૨૫૪૮૭૬૮૪ |
| શ્રી દશરથભાઈ જી.લિમ્બાચિયા, પડુસ્મા | ૦૦૧૭૭૩૭૮૦૬૦૪૬ |
| શ્રી નટવરલાલ એન. ઋષિ, દેલવાડા | ૦૦૧૩૧૪૨૨૯૨૫૯૫ |
| શ્રી મુકેશભાઈ ગાંધી | |
| શ્રી ધીરેનભાઈ એ. નાયી, મેઘપુર | |
| શ્રી ભૂપેન્દ્રભાઈ રામભાઈ પુંધરા | +૧૪૦૭૨૫૭૬૪૭૯ |
| શ્રી નરેન્દ્રભાઈ પારેખ, સોખડા | |
| શ્રી બિપિનભાઈ, શિકાગો (યુ.એસ.એ.) | +૧૭૦૮૪૧૫૫૫૫૯ |
| શ્રી વરવાભાઈ એમ. પુંધરા | +૧૪૦૭૭૮૮૦૯૦૯ |
| શ્રી કનુભાઈ એમ. નાયી, નંદાસણ | +૧૭૦૮૬૫૫૨૭૧૪ |
| શ્રી પ્રહલાદભાઈ એસ. નાયી | +૧૭૭૨૮૨૩૭૦૭ |

MAJESTY
CONSULTANCY

કેયુર રમેશભાઈ શર્મા
મો. ૯૪૨૯૨૦૭૮૩૮

મજેસ્ટી કન્સલ્ટન્સી
(ટેક્ષ કન્સલ્ટન્ટ / ફાઇનાન્સીઅલ એડવાઇઝર)

- ઈન્કમટેક્ષ, જી.એસ.ટી. સલાહકાર
- દરેક ધંધા / વ્યવસાયનું રજીસ્ટ્રેશન
- એકાઉન્ટ લખી આપવામાં આવશે
- હોમલોન / મોર્ગેજ લોન / પર્સનલ લોન

Email : majestyconsultancy@gmail.com

ઓફિસ : દુકાન નં. ૨૦, પહેલો માળ, ઘનશ્યામ કોમ્પલેક્ષ,
ઓવર બ્રીજ પાસે, ચાંદલોડીયા, અમદાવાદ - ૩૮૨૪૮૧

## સમાજના શુભેચ્છક શ્રેષ્ઠીશ્રીઓ

| | |
|---|---|
| શ્રી મનીષભાઈ શર્મા (અક્ષર ટ્રાવેલ્સ) | ૯૮૨૫૦૨૦૨૪૩ |
| શ્રી રમેશભાઈ પી. લિમ્બાચીયા | ૯૮૭૯૮૨૨૨૬૪ |
| શ્રી કમલેશભાઈ શર્મા | ૯૪૨૭૦૨૬૬૬૭ |
| શ્રી મનહરભાઈ રાઠોડ (ભાવનગર) | ૯૮૨૯૦૦૨૧૯૨ |
| શ્રી કેતનભાઈ અલારસા | ૯૯૧૩૨૪૯૮૬૫ |
| શ્રી કાન્તીભાઈ ડી. નાયી, રાધનપુર | ૯૮૨૫૦૧૬૬૯૨ |
| શ્રી કલ્પેશભાઈ શર્મા | ૯૯૨૪૦૫૮૫૮૫ |
| શ્રી મહેન્દ્રભાઈ (થરાદ) | ૯૫૭૪૦૬૧૨૬૧ |
| શ્રી ભૂપેન્દ્રભાઈ પી. પનારા | ૮૧૬૦૦૫૮૯૨૪ |
| શ્રી મહેશભાઈ શર્મા | ૯૪૨૮૬૪૯૩૪૧ |
| શ્રી સુમનભાઈ પોર | ૯૯૨૪૨૦૪૬૪૧ |
| શ્રી નયનભાઈ જી. શર્મા (કોટાવડ) | ૯૪૨૬૦૨૨૭૫૭ |
| શ્રી ઉપેન્દ્રભાઈ ડી. શર્મા (ગોધરા) | ૯૪૦૯૦૨૧૧૨૨ |
| ડૉ. નયનભાઈ પારેખ | ૯૮૨૫૫૩૦૯૦૯ |
| શ્રી કાન્તીભાઈ ચૌહાણ | ૯૮૨૫૫૯૧૩૬૦ |
| શ્રી રમેશભાઈ એમ. વાસણા | ૯૮૨૪૫૯૫૮૧૨ |
| શ્રી બાબુભાઈ નાયી, બુકોલી (ભૂજ) | ૯૮૯૮૯૮૯૯૫૫ |
| શ્રી વિજયભાઈ ચૌહાણ (માંડવી-કચ્છ) | ૯૮૨૫૦૮૫૨૭૩ |
| શ્રી અરવિંદભાઈ સોલંકી (રાજકોટ) | ૯૮૭૯૪૬૦૩૩૨ |
| શ્રી દશરથભાઈ દલાલ (નંદાસણ) | ૯૯૨૫૨૨૩૨૧૭ |
| શ્રી નીતિનભાઈ પી. શર્મા, ડાંગરવા | ૯૮૩૩૬૪૬૪૮૮ |
| શ્રી કનુભાઈ (બાપુ) | ૯૩૨૮૩૨૬૬૬૩ |
| શ્રી દેવુભાઈ રાઠોડ (રસિલા કીચન) | ૯૫૨૭૯૬૧૭૧૭ |
| શ્રી હસમુખભાઈ પી. શર્મા | ૭૫૭૩૦૪૦૦૧૪ |
| શ્રી અશ્વિનભાઈ પેઈન્ટર (સુરત) | ૯૭૧૨૦૮૨૫૩૧ |
| શ્રી હસમુખભાઈ રાઠોડ | ૯૯૯૮૦૨૧૫૯૦ |
| શ્રી રાજેશભાઈ વાળંદ | ૯૭૨૬૨૨૭૩૧૨૨ |
| શ્રી યોગેશભાઈ નાયી, કોબા | ૯૪૨૬૦૬૩૪૭૧ |
| શ્રી નારણભાઈ એ. નાયી, ઈન્દ્રાડ, મુંબઈ | ૯૫૯૪૬૦૧૧૨૨ |
| શ્રી મયુરભાઈ બી. લીંબાચીયા, તેયલ મુંબઈ | |
| શ્રી અંબાલાલ લિંબાચીયા, મુંબઈ | |
| શ્રી રાજુભાઈ પરમાર (ભાવનગર) | ૯૪૨૬૨૧૨૧૫૩ |
| શ્રી બાબુભાઈ પી. શર્મા | ૯૨૬૫૧૪૨૭૭૧ |
| શ્રી જયંતીભાઈ એન. નાયી | ૯૪૨૭૩૨૮૩૭૧ |
| શ્રી સૂર્યકાન્તભાઈ માસ્તર | ૯૯૦૯૯૨૦૪૦૫ |
| શ્રી ભીખાભાઈ કંથરાવી, સુરત | ૯૯૨૪૩૯૬૯૩૦ |
| શ્રી સુરેશભાઈ શિશાંગીયા | ૯૭૩૭૦૧૧૧૧૨ |
| શ્રી કાન્તિભાઈ એન. બળાદ | ૯૪૨૯૧૫૭૫૬૦ |
| શ્રી સંદિપભાઈ, આણંદ | ૯૮૯૮૨૩૩૯૩૫ |
| શ્રી કેતનભાઈ પરમાર, સુરત | ૯૮૨૫૧૦૯૬૨૫ |
| શ્રી નરેશભાઈ કે. પારેખ | ૯૯૭૪૧૦૧૪૪૧ |
| શ્રી દશરથભાઈ જી. શર્મા, કંબોઈવાળા | ૯૪૨૭૦૬૮૪૧૪ |
| શ્રી શિવાભાઈ બી. પારેખ | ૯૯૭૪૮૩૩૦૫૮ |
| શ્રી નવીનભાઈ નાયી | ૯૦૧૬૯૨૪૮૫૨ |
| શ્રી રમણભાઈ આર. પારેખ (થોળ) | ૯૮૨૫૦૪૭૫૮૪ |
| શ્રી ભૂપેન્દ્રભાઈ પી. પારેખ | ૯૮૨૪૦૫૫૪૬૧ |
| શ્રી દિનેશભાઈ નાયી (વિસનગર) | ૯૪૨૮૮૧૮૧૪૦ |
| શ્રી વિજયભાઈ સુઈગામ (ગાંધીનગર) | ૯૭૨૪૮૭૭૫૨૯ |
| શ્રી મહેન્દ્રભાઈ શર્મા | ૮૨૦૦૬૨૬૩૫૦ |
| શ્રી ગણપતભાઈ એમ. લિમ્બાચીયા | ૯૮૭૯૩૨૯૪૩૬ |
| શ્રી દિનેશભાઈ બગથરિયા (ધોલેરા) | ૯૮૨૫૨૧૨૫૩૧ |
| શ્રી લાલજીભાઈ અમરેલિયા (જુનાગઢ) | ૯૮૨૫૬૬૮૯૨૫ |
| શ્રી મુકેશભાઈ સી. નાયી (સિપોર) | ૯૦૧૬૬૭૨૫૬૭ |
| શ્રી હરેશભાઈ એન. લિમ્બાચિયા (મહેસાણા) | ૭૦૧૬૪૫૭૪૯૭ |
| શ્રી નંદકિશોર આર. નાયી | ૯૮૨૫૦૪૦૫૮૩ |

| | |
|---|---|
| શ્રી મહેશભાઈ દુદકિયા, શક્તિ ટ્રાવેલ્સ | ૯૪૨૬૫૧૬૫૫૫ |
| શ્રી ધર્મેન્દ્રભાઈ સી. નાયી | ૯૭૨૬૬૭૫૦૪૦ |
| શ્રી રમેશભાઈ આઈ. પારેખ, બિલીયા | ૯૮૧૯૨૩૦૩૦૨ |
| શ્રી કેશુભાઈ બી. નાયી | ૮૧૬૦૬૪૭૮૫૦ |
| શ્રી અશ્વિનભાઈ નાયી | ૯૯૭૯૦૮૦૦૫૯ |
| શ્રી નરસિંહભાઈ એન. નાયી (બાસ્પા) | ૯૯૨૫૪૪૯૭૪૨ |
| શ્રી ધવલભાઈ શર્મા | ૯૯૦૪૩૩૯૬૨૫ |
| શ્રી વિનોદભાઈ એમ. નાયી, કુંભાસણ (પાલનપુર) | ૯૮૯૮૨૧૦૮૮૧ |
| શ્રી ગોપાળભાઈ એમ. લિમ્બાચીયા (કટોસણ) | ૮૯૮૦૦૪૯૩૭૮ |
| શ્રી પ્રફુલ્લભાઈ પી. ઘડિયાળી | ૯૮૨૪૧૬૭૨૬૮ |
| શ્રી રાજેન્દ્રકુમાર જી. લિમ્બાચીયા | ૯૪૨૮૬૦૭૧૭૧ |
| શ્રી શંકરભાઈ એમ. ભાટિયા | ૯૪૨૬૦૮૫૪૮૮ |
| શ્રી જગદીશભાઈ પાડલીયા | ૯૮૨૫૬૨૫૬૪૧ |
| શ્રી ધીરુભાઈ સોલંકી (કોસંબા) | ૯૮૭૯૭૫૯૨૯૯ |
| શ્રી ભરતભાઈ પ્લાયવુડવાળા) | ૯૯૦૯૧૫૭૭૩૧ |
| શ્રી વિષ્ણુભાઈ પનારા | ૯૮૨૫૦૨૧૯૩૨ |
| શ્રી દિલીપભાઈ ચાવડા (નંદીની કોસ્મેટીક) | ૯૮૨૫૨૪૩૦૯૯ |
| શ્રી રમેશભાઈ એમ. લીમ્બાચીયા (જંબુસર) | ૯૨૨૭૫૨૧૪૪૭ |
| શ્રી ચંદુભાઈ એચ. નાયી (મુંબઈ) મનિષા લેબ. | ૭૦૪૬૩૨૦૦૪૨ |
| શ્રી રસિકભાઈ બી. શર્મા (જામળા) | ૯૮૨૫૦૧૪૬૮૩ |
| શ્રી દશરથભાઈ પારેખ, ફોનવાલે (જારણગ) | ૯૫૧૦૫૩૬૦૭૧ |
| શ્રી શૈલેષભાઈ લિમ્બાચિયા, સિદ્ધપુર | ૯૮૯૮૯૯૦૬૦૪ |
| શ્રી મહેન્દ્રભાઈ શર્મા | ૯૩૭૪૬૯૧૮૬૪ |
| શ્રી રાજેશભાઈ બી. વાળંદ (વડોદરા) | ૯૭૧૪૯૨૩૩૮૮ |
| શ્રી જતિનભાઈ આર. બજાણીયા | ૯૮૨૫૪૩૨૦૦૧ |
| શ્રી રમણભાઈ નાયી | ૯૬૩૮૮૬૭૬૧૦ |
| શ્રી અમીત એલ. શર્મા | ૯૯૦૪૧૦૩૬૮૬ |
| શ્રી વિજયભાઈ એ. પારેખ | ૯૮૨૫૦૩૩૯૩૬ |
| શ્રી દિનેશભાઈ ડી. નાયી, મુંબઈ, દઢીયાળ | ૯૩૨૪૬૨૧૧૫૦ |
| શ્રી મનહરભાઈ પરમાર, મુંબઈ | ૯૮૨૦૭૫૧૬૧૦ |
| શ્રી સંજયભાઈ સોલંકી, વડોદરા | ૯૯૧૩૦૮૮૮૯૯ |
| શ્રી મણીભાઈ ડી. શર્મા, હમીરપુરા (ગાંધીનગર) | ૯૮૨૫૨૧૫૮૦૨ |
| શ્રી દિનેશભાઈ શર્મા, હીરાપર (ગાંધીનગર) | ૯૭૨૩૮૨૧૧૪૯ |
| શ્રી એ. બી. વાળંદ (D.Y.S.P.) | ૯૯૨૫૦૪૧૪૧૩ |
| શ્રી દિપકભાઈ ભાટીયા (D.Y.S.P.) | ૯૮૭૯૦૧૬૩૭૨ |
| શ્રી કુલદીપકુમાર આર. નાયી (D.Y.S.P.) | ૯૮૭૯૫૦૪૨૭૮ |
| શ્રી આશીષભાઈ પારેખ | ૯૯૦૪૪૬૬૯૦૯ |
| શ્રી બિપીનભાઈ શેલાર, પૂ. પ્રમુખ, બોપલ ન.પા. | ૯૯૭૯૭૧૦૯૮૪ |
| શ્રી પ્રવિણભાઈ સી. લિમ્બાચિયા, વડોદરા | ૯૨૨૮૨૭૯૪૧૫ |
| શ્રી પ્રદિપભાઈ, વડોદરા (સંખારી) | ૮૧૬૦૮૭૭૫૭૧ |
| શ્રી પંકજભાઈ ભાટીયા, નડિયાદ | ૯૭૨૩૫૫૯૩૪૨ |
| શ્રી નટુભાઈ લિમ્બાચીયા | ૭૦૧૬૫૮૨૯૪૭ |
| શ્રી નટવરભાઈ એચ. શર્મા | ૯૮૯૮૦૩૬૦૪૨ |
| શ્રી મનોજભાઈ જી. નાયી, અંબિકા ટ્રેડીંગ | ૯૭૨૫૧૪૭૨૫૩ |
| શ્રી હસમુખભાઈ પી. વાળંદ, જીતપુર | ૯૪૨૭૯૧૦૭૬૩ |
| શ્રી દશરથભાઈ નાયી, ગોવના (ગાંધીનગર) | ૯૪૨૮૬૦૮૧૦૬ |
| શ્રી રમેશભાઈ ચડાસણા (મહેસાણા) | ૯૯૦૯૪૯૬૨૧૭ |
| શ્રી રમેશભાઈ પારેખ (કેશકલા) | ૯૮૭૯૦૪૪૬૬૫ |
| શ્રી બળદેવભાઈ જી. વૈદ્ય | ૯૩૨૭૦૯૨૨૭૨ |
| શ્રી રમેશભાઈ આર. સુરાણી | ૯૮૨૫૫૪૮૫૭૮ |
| શ્રી ચીરાગભાઈ રાવરાણી | ૯૯૭૮૧૨૪૬૧૮ |
| શ્રી સંજયભાઈ જોટંગિયા | ૯૯૧૩૩૬૯૯૯૯ |
| શ્રી અમિતભાઈ જી. વાળંદ, નાવિયાણી | ૯૫૭૪૦૩૨૭૫૭ |
| શ્રી ધીરુભાઈ બી. શર્મા (નડિયાદ) | ૯૭૩૭૨૬૭૬૦૭ |
| શ્રી ભરતભાઈ સૂર્યાવાલા, અમદાવાદ | ૯૪૨૭૩૮૬૯૧૪ |

# પ્રાદેશિક સમાચાર

## વિમોચન સમારંભ

તા. ૧૯૧૧ ૨૦૨૩ ને રવિવારે લિમ્બચધામ ચોટીલા મુકામે ઓલ ઇન્ડિયા મહાપદમનંદ કોમ્યુનિટી એજ્યુકેટેડ એસોસિયેશન ગુજરાત પ્રદેશ દ્વારા પુસ્તક વિમોચન કાર્યક્રમ ઉજવવામાંઆવેલ હતો.

આ આયોજનમાં તા૧૮/૧૧/૨૦૨૩ને શનિવારે

સાંજથી બહાર ગામથી આશરે પાંત્રીસેક મહેમાનો આવી ગયેલ જેઓની ભોજન તથા રાત્રિ રોકાણ વ્યવસ્થા કરવામાં આવે હતી આ કાર્યમાં લિમ્બચ ધામ સંસ્થા ના વ્યવસ્થા સંભાળતા શ્રી દીપકભાઈ વાજા (ધોરાજી વાળા) શ્રીદિપકભાઈ હિરાણી (ભૂળ ગોડલ હાલ રાજકોટ) શ્રી નંદાભાઈ રાઠોડ (રમરેચી ગીર) શ્રી પ્રવિણભાઈ સુરાણી જામનગર તથા શ્રી કૈયુરભાઈ ભટ્ટી(ફ્રોર એકસ સલુન એકેડેમી રાજકોટ)ની ટીમ તથા નામી અનામી સૌની માનદ સેવા ની નોધ ગુજરાત પ્રદેશ સમિતિ લીધેલ છે; ને તેઓનો આભાર માને છે.

**जो समाज अपना ईतिहास नहीं जानता वो**

**समाज कभी प्रगति नहीं कर सकता**

AMCEA સંસ્થા દેશભરમાં ૨૭ રાજ્યમા કાર્યરત છે જે નાયી સેન સવિતા ઠાકુર વાળંદ નાઉ જેવા વિવિધ નામોથી ઓળખાતા સમાજને તેના ભૂતકાળના જાજરમાન ગૌરવવંતા ઐતિહાસિક થકી ઉજાગર કરવા ઈતિહાસિક વિવિધ પુસ્તક ના આધારે સ્વાભિમાન તેમજ વિવિધ નામો નું વિલિનીકરણ કરી આપણા વડવાઓએ આપેલ "નાયી વાળંદ"નામને પ્રસ્થાપિત કરવાનું ઉમદા કાર્ય કરે છે.

ઇસપૂર્વે ૩૬૫ થી ઇ સ ૧૮૦ દરમ્યાન નાયી વાળંદ સમાજ ના વિશ્વવિખ્યાત નંદ વંશ તથા મૌર્ય વંશ જેને ભૂ ભાગના વિવિધ સોળ મહા જન પદો ને જીતી એક અખંડ ભારતની રચના કરેલ હતી જેમાં અફઘાનિસ્તાન; બાગલાદેશ; પાકિસ્તાન જેવા પ્રાંતોનો સમાવેશ થતો હતો. સમ્રાટ મહાપદમનંદ ધનાનંદ ચંદગુપ્ત મૌર્ય સમ્રાટ અશોક નંદવંશ મૌર્યના મહારાજાઓનો મહત્વ નો ફાળો હતો. આવા નંદ વંશના આપણે વંશજ હોઈ સમાજ સ્વાભિમાન સાથે સંગઠન શકિત દ્વારા સમાજ વિકાસના કાર્ય કરવાનુ ધ્યેય સાથે ગુજરાત રાજ્યમાં આ સંગઠન કાર્ય કરે છે.

"ગુજરાત પ્રદેશ સમિતિ દ્વારા"

નંદવંશનો ગૌરવશાળી ઈતિહાસ

પુસ્તક દેશમાં પ્રથમ પ્રાદેશિક ભાષામાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ માનનીય શ્રી નિકુલભાઈ વાઘેલા (ગાંધી નગર) હસ્તે વિમોચન કરી પ્રકાશિત કરી નાયી વાળંદ સમાજને અર્પણ કરવાનું કાર્ય કરેલ છે તેમ માનનીય શ્રીઅવધરાજ નંદ (સચિવ AIMCEA) તથા માનનીય હરદ્વારીલાલ સેનને (અપર સચિવ AIMCEA જણાવ્યું છે. ગુજરાત પ્રદેશ સમિતિ ઐતિહાસિક જાણકારી આપતું નાયી વાળંદ સમાજનુ માત્ર એક ડિજિટલ વોટસએપ ગૃપ છે. આ ગૃપ નાયી વાણંદ સમાજ મા શિક્ષણ; સ્વાભિમાન; સંગઠન તથા બંધારણીય અધિકારો માટે કાર્ય કરે છે.

વિમોચન વિધિ ના કાર્યક્રમમાં મહંતવિજયબાપુ ભક્તિ ધામ આશ્રમચોકી (સોરઠ)જૂનાગઢ; મહંત મુકેશબાપુ (અબાસણ બાવળા) તથા કથાકાર મહર્ષિ વિજયભાઈજી ઉપલેટા તથા અંબાજી લિમ્બાચીયા ધર્મશાળા મેનેજીંગ ટ્રસ્ટી શ્રીમતિ શૈલજાબેન વૈધ ઝાલાવાડ સમાજના વિરમગામ ના પ્રમુખશ્રી ધમેન્દભાઈ અડાલજા ; ચોટીલા લિમ્બચ ધામના ઉપપ્રમુખશ્રી રમેશભાઈ સી સુરાણી; મહામંત્રી શ્રી હરગોવિંદભાઈ સાબારા સાહેબ ;શ્રી રાજુભાઈ અડાલજા (નાવા-ચોટીલા); શ્રી ડોકટર આપાસાહેબ જામનગર તથા જૂનાગઢ જામનગર રાજકોટ તેમજ વિરમગામ સુરેન્દ્રનગર જિલ્લામાંથી ઘણા સામાજિક કાર્યકર ભાઈઓ હાજર રહી કાર્યક્રમમા અભિવૃદ્ધિ કરેલ ડોકટર આપા સાહેબે તેઓના વ્યકત્વમાં ચારણી સાહિત્ય તથા દૂહા છંદની રમઝટ બોલાવી લોકો ને મંત્રમુગ્ધ કરેલ.

સમાજદર્શન YouTube ચેનલના (નાયી વાળંદ સમાજચેનલ)આંખે દેખ્યો અહેવાલ શ્રી આર જી લિમ્બાચીયા દ્વારા વિડિઓ રેકોર્ડિંગ કરવામાં આવેલ છે તેઓની ચેનલ તથા સમાજના વિવિધ વોટ્સએપ ગ્રુપ મા ટૂંક સમયમાં જ મુકવામાં આવશે.

આ આયોજન મા ઉપસ્થિત રહેલ તમામ નામી અનામી સૌ જ્ઞાતિજનો ને ગુજરાત પ્રદેશ સમિતિ દિલથી આભાર વ્યક્ત કરે છે.

સમાપનમાં અંતે સૌ ભોજન લઇ ઐતિહાસિક સંભારણા ની યાદી સાથે વિદાય લીધી હતી.

નોધ : આ સંગઠનમાં જોડાવવા માટે સભ્ય નોધણીની દરેક જિલ્લામાં ટૂંક સમયમાં કામગીરી શરૂ થશે. સંકલન હસમુખભાઈલખતરીયા ગોંડલ

**સાભાર : નાયી હિતેચ્છુ**

## સોસ્તર સમાજ,અમદાવાદ દ્વારા આયોજિત સ્નેહમિલન-સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી જય લિંબચ ઉત્કર્ષ (સોસ્તર જૂથ)ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદ દ્વારા સ્નેહમિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમ તા.૧૯।૧૧।૨૦૨૩ને રવિવારે સ્વ.જોઈતારામ પટેલ કોમ્યુનિટી હૉલ-રાણીપ,અમદાવાદ ખાતે ભારે હર્ષોલ્લાસ અને આનંદ-ઉત્સાહ સાથે ઉજવાઈ ગયો.

સવારે ૧૧-૦૦વાગે શિયાળાની ફૂલગુલાબી ઠંડીના આહ્લાદક વાતાવરણ સાથે પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત થઈ. ત્યારબાદ ટ્રસ્ટીશ્રીઓ તથા દાતાશ્રીઓ દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું. આમંત્રિત મહેમાનો તથા પદાધિકારીઓનું ફૂલહાર તથા શાલથી સ્વાગત કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સંસ્થાના આમંત્રણથી ગુજરાત પ્રાંતિક નાયી સભાના પ્રમુખ પ્રોફેસર ડૉ.કોકીલાબેન પારેખ તથા ગુજરાત વાળંદ સેવા સંઘ ના મંત્રીશ્રી ભાનુભાઈ વૈદ્ય ખાસ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં ગાંધીનગર સ્થિત શ્રી કલ્પેશભાઈ શર્મા (ગેરીતા)ના સ્વર ગુંજનસંગીત સાંસ્કૃતિક સંસ્થા દ્વારા ફિલ્મોના સુમધુર ગીતો કર્ણપ્રિય સંગીત સાથે પિરસાતા રહ્યા.તથા સાથે સાથે કાર્યક્રમમાં ભાગ લીધેલ બાળકોના ડાન્સ થતા હતા.આ કાર્યક્રમમાં લગભગ ૩૦ પાર્ટીશીપન્ટ બાળકોએ તેમનામાં રહેલ સુષુપ્ત શક્તિઓ ની ટેલન્ટબતાવી હતી.

બપોરે બે વાગે ભોજન માટે વિરામ આપવામાં આવ્યો.સૌએ સ્વાદિષ્ટ ભોજન નો રસાસ્વાદ માણ્યો.

ભોજનબાદ બપોરે ત્રણ વાગે કાર્યક્રમ શરુ થયો. સ્નેહમિલનના દાતાઓનું સન્માન કરવામાં આવ્યું જેમાં ભોજનદાતા શ્રીમતી ઈન્દીરાબેન તથા શ્રી રમેશભાઈ શિવરામ વૈદ્ય પરિવાર(સાઈબાપુર),હૉલ તથા ડેકોરેશનના દાતા શ્રીમતી ગીતાબેન તથા શ્રી અરવિંદભાઈ વલ્લભરામ શર્મા પરિવાર (સંઘપુર),મોમેન્ટો તથા ગીફ્ટ ના દાતા શ્રીમતી ચન્દ્રિકાબેન તથા શ્રી મણિલાલ બબલદાસ પારેખ પરિવાર (ગવાડા),સાઉન્ડ સીસ્ટમ ના દાતા ગં.સ્વ. ડાહીબેન રતિલાલ શર્મા પરિવાર (લાડોલ),આજીવન મિનરલ વોટર ના દાતા શ્રીમતી નયનાબેન તથા શ્રી નરેશભાઈ ઈશ્વરલાલ નાયી પરિવાર (ત્રાંસવાડ)નું ફૂલહાર તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. સોસ્તર જૂથના ગુજરાત વાળંદ સેવા સંઘ- અમદાવાદમાં ચૂંટાયેલ ટ્રસ્ટીશ્રીઓ (૧) શ્રી કાળીદાસભાઈ કે.પારેખ (ચાંગોદ),શ્રી અરવિંદભાઈ એસ.દમણી (વિજાપુર),શ્રી ડાહ્યાભાઈ વી.લિંબાચિયા (સંઘપુર),શ્રી અરવિંદભાઈ એસ.વૈદ્ય(વડાસણ) તથા શ્રી ધર્મેન્દ્રભાઈ સી.નાયી (સંઘપુર)નું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું.

શ્રી જય લિંબચ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી જય લિંબચ કો.ઓપ.ક્રેડિટ સોસાયટી અમદાવાદ સ પદાધિકારીઓનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં લગભગ ૩૦બાળકોએ ભાગ લીધો હતો.જેમનો મોમેન્ટોના દાતા શ્રીમતી ચન્દ્રિકાબેન તથા શ્રી મણિલાલ પારેખ દ્વારા બાળકોને નાનું ટીફીન, પાણીની નાની સ્ટીલની બોટલ તથા પેનનું પેકેટ ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.તેમજ દાતાશ્રીઓ તરફથી પ્રોત્સાહનમાં આવેલ કુલ રકમમાંથી દરેક પાર્ટીશીપન્ટને રુ.૫૦૦ ભેટ આપવામાં આવ્યા. આ કાર્યક્રમ ગાંધીનગર સ્થિત શ્રી કલ્પેશભાઈ ત્રિકમલાલ શર્માના સ્વર ગુંજન સંસ્થા દ્વારા પિરસાયેલ ફિલ્મોના સુમધુર ગીતો તથા કર્ણપ્રિય સંગીત થી સભા ઝૂમી ઉઠી હતી તથા કાર્યક્રમને ચાર ચાંદ લાગી ગયા હતા.

કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી કાળીદાસભાઈ કે.પારેખ, શ્રી રમેશભાઈ એસ.વૈદ્ય, શ્રી ધર્મેન્દ્રભાઈ નાયી, શ્રી અરવિંદભાઈ વૈદ્ય, શ્રી પ્રવીણભાઈ ડી.નાયી, શ્રી વિજયભાઈ એન.નાયી,શ્રી .હિમાંશુંભાઈ એમ.પારેખ, શ્રી મનોજભાઈ વૈદ્ય, શ્રી પ્રવીણભાઈ એલ.નાયી,શ્રી અશ્વિનભાઈ કે.નાયી,શ્રી મેરુલભાઈ એન.નાયી,શ્રી સાગર એ.શર્મા,શ્રી ચન્દ્રકાંતભાઈ જી.શર્મા વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. રંગોળી પૂરવામાં શ્રીમતી વર્ષાબેન મનોજભાઈ વૈદ્ય, યશસ્વી મનોજભાઈ, મનિષા પારેખ, રીયા મનિષા પારેખ,પારુલબેન શર્મા,પ્રિતિ સંકેત પારેખે ભાગ લીધો હતો. છેલ્લે ગરબાની ભારે રમઝટ બોલાવી

ખેલૈયાઓએ આનંદ માણ્યો હતો.કાર્યક્રમનું સુચારુ સંચાલન શ્રી રમેશભાઈ વૈદ્ય, શ્રી ધર્મેન્દ્રભાઈ નાયી,શ્રી મેરુલનાયી તથા શ્રી સાગરભાઈ શર્માદ્વારા કરવામાં આવ્યું.

કાર્યક્રમની આભારવિધિ શ્રી અરવિંદભાઈ વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું. છેલ્લે સાંજે છ વાગે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. અંતમાં એકતા સંગઠન તથા ભાઈચારાની ભાવનાનો સંદેશલઈ સૌ છૂટા પડ્યા.

**અરવિંદભાઈ એસ.વૈદ્ય**
**માનદ્ મંત્રીશ્રી, શ્રી જય લિંબચ**
**ઉત્કર્ષ(ડ)ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ.**
**સાભાર : નાયી હિતેચ્છુ**

## સોસ્તર જૂથ નાયી સમાજ, વિજાપુર દ્વારા આયોજિત કેળવણી સેમિનાર તથા ઈનામવિતરણ સમારોહ

તા.૨૬/૧૧/૨૦૨૩ અને રવિવારના રોજ વિજાપુર લિંબચધામ ખાતે સોસ્તર જૂથ નાયી સમાજ વિજાપુર તરફથી કેળવણી સેમિનાર તથા ઈનામવિતરણ સમારોહ યોજાયો.સમગ્ર કાર્યક્રમ ના ભોજનદાતા તથા ઈનામ વિતરણ ના દાતા વડાસણ નિવાસી શ્રી શંકરલાલ હીરાલાલ નાયી તથા શ્રીમતી વિમળાબેન શંકરલાલ નાયી હસ્તે શ્રી મનિષભાઈ શંકરલાલ નાયી તથા શ્રીમતી પારુલબેન મનિષભાઈ નાયી (યુ.એસ.એ. હતા.

શિયાળાની ફૂલગુલાબી ઠંડીમાં સવારે ૧૦-૩૦વાગે કાર્યક્રમની શરૂઆત થઈ. વિજાપુરની બાળાઓ દ્વારા પ્રાર્થનાગીત તથા સ્વાગત ગીતથી શરૂઆત થઈ. ત્યારબાદ દાતાશ્રીઓ તથા ટ્રસ્ટીશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.બાળકો દ્વારા વક્તૃત્વ સ્પર્ધાઓ તથા નૃત્યોની રજૂઆત કરવામાં આવી.બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો સભાને પરિચય થયો.સભા વારંવાર તાળીઓના ગડગડાટથી બાળકોના ઉત્સાહમાં વધારો કરતી હતી.દરેક બાળકના પર્ફોમન્સ બાદ સભામાંથી બાળકોને પ્રોત્સાહિત કરવા રોકડ ઈનામની જાહેરાતો થતી રહી હતી.

દાતાશ્રીઓનું ફૂલહાર તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. હોદેદારોનું ફૂલહાર થી સ્વાગત કરવામાં આવ્યું. વિજાપુર કાર્યાલયમાં કામ કરતા સંનિષ્ઠ અને કાદા મેં જર શ્રી કાન્તિભાઈ જે શમાં જે તા.૩૧ ૧૦૨૦૨૩નારોજ વયનિવૃત્ત થતાં બધા ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારો તરફથી ફૂલહાર તથા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા.તેમના ધર્મપતિ ચંન્દ્રિકાબેનનું પણ ફૂલહાર તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.તેમને આપેલ સન્માનપત્ર મંત્રીશ્રી શરદભાઈ શર્મા દ્વારા વાંચી સંભળાવવામાં આવ્યું. તેમને સંસ્થા તરફથી રૂ.૨૧૦૦૦ આપી પુરસ્કૃત કરવામાં આવ્યા.શ્રી કાન્તિભાઈ સને ૧૯૮૭થી સંસ્થા સાથે કાર્યાલયમાં વહીવટી કામમાં જોડાયેલ હતા.તેમની ૩૬વર્ષની કારકિર્દીમાં તેમના સંનિષ્ઠ તથા પ્રામાણિક અને પારદર્શક વહીવટથી સંસ્થાને નવી ઉંચાઈએ લઈ ગયા છે.તેમની સેવાઓના ભાગરુપે તેમને ગૌરવપૂર્ણ વિદાય આપવામાં આવી.

ગુજરાત પ્રાંતિક નાયી સભાના ટ્રસ્ટી તરીકે ચુંટાયેલ સોસ્તર સમાજ ના પૂર્વ પ્રમુખ શ્રી રમેશભાઈ એસ.વૈદ્ય નું ફૂલહાર થી સન્માન કરવામાં આવ્યું. સંકુલના નીચેના ભોંયરામાં જુની.કે.જી.થઈ ધો.૮ સુધીના વિદ્યાર્થીઓને ધોરણસર વિવિધ ઈનામો આપવાનું કામ ચાલું હતું. સ્ટેજ ઉપરધો.૯ થી ધો.૧૨ સુધી તથા કૉલેજની વિવિધ ફેકલ્ટીઓના વિદ્યાર્થીઓને દાતાશ્રીઓ દ્વારા ઈનામો આપી પુરસ્કૃત કરવામાં આવતા હતા.આવા ઈનામોથી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો થાય છે તથા આગળ વધવાની ધગશ તથા પ્રોત્સાહન મળે છે.

પ્રમુખશ્રી પંકજભાઈ, મંત્રીશ્રી શરદભાઈ, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રમણભાઈ, પૂર્વ ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ વૈદ્ય, પૂર્વ ઉપપ્રમુખ શ્રી રમણભાઈ નાયી દ્વારા પ્રસંગને અનુરૂપ પ્રવચન આપવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સફળ તથા સુચારુ સંચાલન ઉપપ્રમુખ શ્રી ગોવિંદભાઈ તથા મંત્રીશ્રી શરદભાઈ દ્વારા કરવામાં આવ્યું. અંતે આભારવિધિ ટ્રસ્ટીશ્રી કાળીદાસ દ્વારા કરવામાં આવી. અને સાંજે ૪-૦૦ વાગે સભાનું સમાપન કરવામાં આવ્યું

**મંત્રીશ્રી પ્રમુખશ્રી,**
**સોસ્તર જૂથ નાયી સમાજ-વિજાપુર**
**સાભાર : નાયી હિતેચ્છુ**

'વાળંદ વિકાસ'માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.

## બિલ્ડીંગ પ્રોજેક્ટ એન્જિનીયર



**ભાવિનભાઈ બી. લિમ્બાચિયા**

**ગવર્નમેન્ટ એપ્રુવ્ડ એન્જિનીયર સિવિલ એન્જિનિયર એન્ડ કોન્ટ્રાક્ટર**

ગુજરાત વાળંદ સેવા સંઘ દ્વારા અમદાવાદ ખાતે નિર્માણ થઈ રહેલ નવિન બહુમાળી ભવનનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. આ કામે ઈજારદાર દ્વારા થતા કામમાં સંસ્થા વતીથી તકનીકી સુપરવીઝન નિઃશુલ્કપણે બિલકુલ માનદ ધોરણે કરવાની તથા બાંધકામ કરારની જોગવાઈ, સ્ટ્રક્ચર ડિઝાઈન અનુસાર થાય તેમાં આપણી જ્ઞાતિના સેવાભાવી યુવા એન્જિનીયર શ્રી ભાવિનભાઈ બી. લિમ્બાચીયા, વતન વહેલાલ બેતાલીસ, નરોડા સમાજ હાલ, નરોડા, અમદાવાદ ખાતે થયેલાએ સ્વૈચ્છિક ધોરણે પોતાની સેવાઓ આપવાની સ્વયંભૂ તૈયારી દર્શાવી જ્ઞાતિ-સેવામાં પોતાની તજજ્ઞતા અને કાબેલિયત સમર્પિત કરવાનું એક અજોડ, સરાહનીય અને ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. ટ્રસ્ટીમંડળની તા. ૨૪-૧૨-૨૩ના રોજ મળેલ મીટીંગમાં તેમનો સહુને પરિચય થયો. આ અગાઉથી જ અવારનવાર કામની સાઈટની મુલાકાત લઈ કિંમતી સલાહસૂચનો તેમણે બિલ્ડીંગ પ્રોPજેક્ટ કમિટિને કરેલ છે. સંસ્થા શ્રી ભાવિનભાઈ બી. લિમ્બાચીયાની ખૂબ આભારી છે. તેમને તમામ જરૂરી સહયોગ અને વિગતો પૂરી પાડી, કામ ધારાધોરણ મુજબ થાય તે માટે સંસ્થા તેમની સાથે પરામર્શમાં રહેશે.

**ભાનુભાઈ એન. વૈદ્ય, મંત્રી ગુ.વા.સેવા સંઘ**

## નાની છાસઠ નાયી સમાજમાં 31 દીકરીઓના વધામણા કરાયા

ગોજારીયા ખાતે શ્રીમતી જશોદાબેન વિષ્ણુભાઈ નાઈ (સધી માતાજીના ઉપાસક ) કડાવાસીના સંપૂર્ણ સહયોગથી શ્રી દિનેશભાઈ જી. લીમ્બાચીયા (ભુવાજી) પડુસ્માવાસીના અધ્યક્ષ સ્થાને લીમ્બચ માતાજીનો 20 મોં પાટોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો. જેમાં ખાસ ઉપસ્થિત રહેલા મહેસાણાના ધારાસભ્ય મુકેશભાઈ પટેલના હસ્તે સ્વ. શર્મિષ્ઠાબેન ગોવિંદભાઈ ઘેલાભાઈ લીંબાચિયા પરિવાર તરફથી સ્વ. ડો. અરવિંદપ્રસાદ જી. લીંબાચીયા (પૂર્વ પ્રમુખ શ્રી નાની છાસઠ નાયી સમાજ)ની સ્મૃતિમાં સમાજમાં તારીખ 1 /12 /2022 થી 30/ 11 /2023 સુધી દેશ-વિદેશમાં જન્મેલ કુલ 31 દીકરીઓને રૂપિયા 2100 રોકડ પુરસ્કાર આપી દીકરીઓના વધામણા કરવામાં આવ્યા હતા. આ પરિવાર દ્વારા 2021 થી આપણા સમાજ માટે આ યોજના અમલમાં મૂકી છે. ગત બે વર્ષમાં લગભગ 65 દીકરીઓના તેમજ ચાલુ વર્ષે 31 દીકરીઓના વધામણા કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલે ખાસ નોંધ લઇ જણાવ્યું હતું કે સરકાર દીકરીઓને માટે જે કોઈ પ્રોત્સાહિત યોજનાઓ મૂકી રહી છે તેમાં આ પરિવારે સમગ્ર રાજ્યમાં અન્ય સમાજ માટે પણ એક પ્રેરણા રૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમજ આ પરિવારના દીકરીઓ પ્રત્યેના ઉમદા વિચારોને ધન્યવાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે સમાજના સર્વ આગેવાનો, સંસ્થાના હોદ્દેદારો તથા દાતાશ્રીઓ સહિત જ્ઞાતિજનો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**પ્રેષક : મયુરધ્વજ કે. લિમ્બાચીયા,**
**ટ્રસ્ટી ગુ.વા.સેવા સંઘ**

## પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજના



આદરણીય બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી મયંકભાઈ નાયક, ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ બાવરીયા દ્વારા સમાજને પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજના થકી કારીગર વર્ગને આ યોજના થકી અઢાર હજાર કીટ પેટે તેમજ એક લાખ રૂપિયાની લોન ગેરેંટર વિના આપવામાં આવનાર છે તો આનો લાભ કઈ રીતે

લઈ શકાય તેના માટે સમાજના આગેવાનોને બોલાવી યોજનાબદ્ધ કાર્ય થાય તેમ જણાવ્યું. જ્યાં જરૂર પડે ત્યાં બક્ષીપંચ મોરચા તેમ જ ભાજપા દ્વારા તમામ પ્રકારે મદદ કરવાની ખાતરી આપી. સમાજને જ્યાં કેમ્પ કરવા હશે ત્યાં રજીસ્ટ્રેશન માટે કોમ્પ્યુટર લઈ સરકારી અધિકારીઓ આવશે તો આપ સૌ આપણા સમાજનો કોઈપણ કારીગર વર્ગ રહી ન જાય તેના માટે મહેનત કરીએ.

**સંકલન : મુકેશભાઈ પી. નાયી**

## જ્ઞાતિગૌરવ



શ્રી ભરતભાઈ એચ. ચૌહાણ (નિવૃત્ત હિસાબી અધિકારી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી) ની દોહિત્રી **કુ. ધ્વનિ** (જલ્પાબેન તથા સુનિલકુમાર દસાડીયાની પુત્રી)ના અન્ય બે દીકરીઓ કુ. શુભમ અને હેતા સાથે આરંગનેત્રમ નૃત્યની પ્રસ્તુતિનો ભવ્ય કાર્યક્રમ તા. ૧૯-૧૧-૨૦૨૩ના રોજ અમદાવાદના ટાગોર હોલ, પાલડી ખાતે યોજાઈ ગયો. તે ત્રણેયનું પ્રેઝન્ટેશન દર્શનીય અને અદ્‌ભુત રહ્યું.

કલાગુરુ શ્રીમતિ કૌશલ નિરવ જોષી, અમદાવાદના માર્ગદર્શન તળે કુ. ધ્વનિએ માત્ર ૧૨ વર્ષની ઉંમરે ભરતનાટ્યમ્ શીખવાનો પ્રંરભ કર્યો. ગુરૂજીના સંનિષ્ઠ પ્રયાસ અને માતા-પિતાના પ્રેરણાત્મક સહયોગના બળે તેણીએ આ ક્ષેત્રે સફળતા મેળવી છે. હાલ કોમ્પ્યૂટર એન્જિનિયરીંગના તૃતીય વર્ષમાં અભ્યાસ કરતી કુ. ધ્વનિએ અત્યાર સુધીમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત સાંસ્કૃતિક મહોત્સવો જેવા કે ગુજરાત સ્થાપના દિન, દિલ્હી ખાતેના લાલા કિલ્લા, કેરાલા, પંજાબ, ગુજરાતના બાલાસિનોર અને ગાંધીનગર વિગેરેમાં ગરબા, લોકનૃત્ય વિગેરે પર્ફોમ કરેલ છે.

આરંગનેત્રમ નૃત્ય પ્રસ્તુતિ પ્રસંગે શ્રી ચૈતન્ય મહાવદીયા, શ્રી સુરેશભાઈ ભેંજારીયા, બી. એસ. દવે નિવૃત્ત નિયામક, શ્રી જે. ડી. જાની અને શ્રી ગોહિલ નિવૃત્ત સંયુક્ત નિયામક વિગેરે સહિત મિત્રવૃંદ અને કલાવૃંદે હાજર રહી કાર્યક્રમ નિહાળ્યો હતો.

**સંકલન : ભરતભાઈ એચ. ચૌહાણ**
**ચાંદલોડિયા, અમદાવાદમો. ૯૪૨૮૦૪૧૧૮૮**

## અભિનંદન



બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના બલોધણના વતની અને વ્યવસાયે શિક્ષક, માર્મિક કાવ્ય રચનાર, સાહિત્ય પ્રેમી અને સમાજસેવક એવા **દિનેશચંદ્ર નાયી (દીપ)એ તાજેતરમાં Ph.D.ની પદવી પ્રાપ્ત કરી છે** તે બદલ અભિનંદન. ભગવંત યુનિવર્સિટી, અજમેર, રાજસ્થાનના School of Education વિભાગમાંથી 'પ્રજ્ઞા (પ્રવૃત્તિ દ્વારા) શિક્ષણની લેખન અને ગણન કૌશલ્ય પર અસરકારકતા' વિષયમાં તેમણેડૉક્ટર ઓફ ફિલોસોફી (Ph.D.) મેળવી અનન્ય સિદ્ધિ હાંસલ કરી છે. નાયી સમાજ ભાભર પરગણું, બનાસકાંઠા નાયી સમાજ તથા લિંબચ યુવા સંગઠન શ્રી દિનેશભાઈ નાયીને અભિનંદન પાઠવે છે તથા ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી ખૂબ ખૂબ શુભેચ્છાઓ... તેમનો મો. નં. ૯૯૦૯૫૯૮૪૯૮ છે.

**સંકલન : મુકેશભાઈ પી. નાયી, ટ્રસ્ટી અને**
**ચેરમેન વિદ્યાર્થીગૃહ, ગુજરાત વાળંદ સેવા સંઘ**

## પ્રશ્નો અપરંપાર
# શિવ, શ્રીકૃષ્ણ અને હનુમાન

કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી જગન્નાથપુરી સુધી વિસ્તરેલા હિંદુસ્તાન નામના આ દેશમાં સાડા છ લાખથી વધુ ગામો આવેલાં છે. આ તમામ ગામોમાં એક ગામ તો શું પણ કોઈ વિસ્તાર સુધ્ધાં મંદિરવિહોણો હોય એવું નહીં બને. અહીં મંદિર એટલે પ્રાર્થનાસ્થળ એવો અર્થ કરવાનો છે. હિંદુ મંદિરો, જૈન ઉપાશ્રયો, શિખ ગુરુદ્વારાઓ, ખ્રિસ્તી ચર્ચ, મુસ્લિમ મસ્જિદો, પારસી અગિયારીઓ આ પૈકી કંઈ ને કંઈ

ગામની કોઈ ને કોઈ શેરીમાં ન હોય એવું બને નહીં. મંદિરની વાત કરીએ છીએ ત્યારે ગામેગામ લોકસમૂહનાં કુળદેવીનાં સ્થાનકો, સંતોષીમાતા કે વૈભવલક્ષ્મી જેવી તાજેતરમાં જ પ્રગટેલી દેવીઓનાં પૂજાસ્થાનકો આ બધાંનો સમાવેશ થાય છે. સંત-મહંતના ચમત્કારી આશ્રમો અને પીર દરગાહનાં ઇસ્લામી સ્થાનકો પણ કંઈ ઓછાં નથી.

આપણા દેશના માણસને મંદિર વિના મુદ્દલ ચાલે એમ નથી. જો કોઈ એકાદ શેરી મંદિર વિનાની હશે તો સ્થાનિક લોકોને ત્યાં એકાદ દેવ-દેવીનું મંદિર બનાવી લેતાં વાર નહીં લાગે. અને પછી આ ધાર્મિક સ્થાન ભવિષ્યમાં મોટા બધા રમખાણનું સ્થાન બની જાય એવું પણ બને છે. મંદિર પૂરતી જ વાત કરીએ તો દેવી-દેવતાઓનાં આવાં સ્થાનકો સિવાય સાંપ્રદાયિક વડાઓ પણ થોડોક સમય જતાં-વેંત મંદિરના પૂજાસ્થાનકે બિરાજી જાય છે. આમેય તે હિંદુ દેવ-દેવીઓની ગણતરી તેત્રીસ કરોડ દેવી-દેવતાઓમાં થાય છે. જોકે આ તેત્રીસ કરોડની સંખ્યા ગણિતની ભાષામાં નથી. કરોડ શબ્દ મૂળ કોટિ એટલે કે જાત કે પ્રકાર એ અર્થમાં છે. આજે આ સંખ્યાની વાત ધ્યાનમાં ન લઈએ પણ સાડા છ લાખ હિંદવાણી ગામોમાં ક્યા દેવનાં મંદિરો સૌથી વધુ હશે એની થોડીક વિચારણા કરવા જેવી છે. જુદા જુદા સંપ્રદાયીઓએ પોતપોતાનાં દેવ-દેવીનાં સ્થાનકો તો કર્યાં જ હોય. એટલું જ નહીં, એક દેવનું એક મંદિર ભારે આસ્થાવાળું મનાતું હોય તો બીજી શેરીમાં એ જ દેવનું મંદિર વધારે ચમત્કારિક ગણાતું હોય એવું પણ બને છે. દેવ એકના એક જ હોય પણ એના પ્રત્યેની આસ્થા જુદા જુદા મંદિરે જુદી જુદી હોય છે.

મંદિરો વિષેની આ વાત જરાક ઝીણવટથી કરીએ તો એવું લાગ્યા વિના રહેતું નથી કે દેશમાં સૌથી વધારે સંખ્યામાં શિવમંદિરો, કૃષ્ણમંદિરો અને હનુમાનમંદિરો હોવાની સંભાવના વધારે છે. અન્ય દેવો જેવા કે શ્રીરામ, ગણપતિ, નવદુર્ગા દેવીઓ આ બધાને પણ પુષ્કળ અનુયાયીઓ છે. અહીં તો દુર્યોધન કે કંસનાં મંદિરો પણ છે. વચ્ચે ક્યાંક અમિતાભ બચ્ચનના મંદિરની વાત પણ વાંચી હતી. પણ નરી ધાર્મિકતાથી જોઈએ તો દેશમાં શિવમંદિર, કૃષ્ણમંદિર અને હનુમાન મંદિરની સંખ્યા સૌથી વધુ હોવાની.

શિવ અજન્મા દેવ છે. હિંદુ પરંપરામાં બ્રહ્મા-વિષ્ણુ અને શિવ આ ત્રણ દેવો સર્જન – સંવર્ધન અને વિસર્જન એમ ત્રણ પ્રકારની પ્રાકૃતિક લીલાના નિયંતા દેવ છે. આ ત્રણ પૈકી શિવ વિસર્જનના એટલે કે સંહારના દેવતા હોવા છતાં સર્જક બ્રહ્મા અને સંવર્ધક વિષ્ણુ કરતાં એમનાં મંદિરો વધારે છે. વિષ્ણુ અને એમના અન્ય અવતારો ધ્યાનમાં લઈએ તો શ્રીકૃષ્ણનો સમાવેશ વિષ્ણુમાં કરી શકાય. એટલું જ નહીં, શ્રીકૃષ્ણનાં પોતાનાં જ અનેક સ્વરૂપો છે. આ બધાં સ્વરૂપોને લક્ષ્યમાં લઈએ તો કદાચ શ્રીકૃષ્ણ મંદિરોની સંખ્યા વધી પણ જાય. પણ અહીં આ ત્રણ દેવોનાં મંદિરો વિશે બીજી રીતે પણ થોડીક વિચારણા કરવી છે.

શિવ તપસ્યાનું મૂર્તિમંત રૂપ છે. અન્ય તમામ દેવો ક્યારેક શિવની તપસ્યા કરે છે એવા ઉલ્લેખો મળી આવે છે. શ્રીરામ પણ શિવની સ્થાપના કરે અને શ્રીકૃષ્ણ પણ શિવની તપસ્યા કરે. બીજા તમામ દેવ-દેવીઓ પાસે રાજ્ય અને સમૃદ્ધિ હોય છે. શિવ પાસે ભૂત- પ્રેતની ટોળી, સર્પો અને સ્મશાનભૂમિમાં નિવાસસ્થાન આ સિવાય કશું નથી. શિવ સંસારી નહોતા. માત્ર દેવોના કલ્યાણ માટે એ સંસારી થયા. દેવો દૈત્યોથી પરાસ્ત થયા. શુભ ઉપર અશુભનો વિજય થયો. આ અશુભને નષ્ટ કરવાનું સામર્થ્ય હવે શિવ સિવાય અન્ય કોઈમાં નથી એવું જ્યારે દેવોને લાગ્યું ત્યારે એમણે શિવને પ્રાર્થના કરી. શિવ તો કલ્યાણના દેવ. વિસર્જન પણ કલ્યાણ અર્થે જ થાય. જેમનું સર્જન થયું છે એમનું વિસર્જન ક્યારેક ને ક્યારેક ન થાય તો પછી નવું સર્જન થાય જ શી રીતે ? દેવોએ શિવને દૈત્યોના સંહાર માટે વિનવ્યા પણ શિવ સ્વયમ્ કોઈ એકના પક્ષધારી શી રીતે બની શકે ? એ તો પરબ્રહ્મ, દેવોએ એમના પુત્ર માટે પ્રાર્થના કરી દેવોના કલ્યાણ માટે શુભ ઉપર અશુભના વિજયને નષ્ટ કરવા માટે શિવે પોતાની તપસ્યા અને બ્રહ્મચર્ય બંનેનો ત્યાગ કર્યો. અને પર્વતરાજની પુત્રી પાર્વતી સાથે વિવાહ કરવાનું કબૂલ્યું.

પણ આ વિવાહ સુધ્ધાં સંસારિક સુખો માટે નથી, પુત્રની પ્રાપ્તિ માટે છે. કામદેવ શિવને વિચલિત નથી કરી શકતો. પાર્વતી પણ પોતાના તપોબળથી શિવને પ્રાપ્ત કરી શકે છે. શિવની આ પરમ સિદ્ધિ દેશના વાયુમાં કણે કણે વ્યાપી ગઈ. અને આ વ્યાપ શિવમંદિરમાં પ્રસ્થાપિત થયો. એટલું જ નહીં, અન્ય કથાનકો મુજબ શિવે સમુદ્રમંથનમાંથી નીકળેલા હળાહળ વિષનું પાન કર્યું. આ વિષપાન કોઈ કરી શકે એમ નહોતું. અને જો વિષપાન થાય નહીં તો દેવોને અમૃત મળી શકે તેમ નહોતું. ફરી એક વાર શિવે શુભના કલ્યાણ અર્થે અશુભનો ઘૂંટડો ગળામાં ઉતાર્યો અને પોતે નીલકંઠ બન્યા. આ ઉપરાંત સગર રાજાના સાઠ હજાર પુત્રોના પ્રેતાત્માઓને સ્વર્ગવાસ અપાવવા માટે રાજા ભગીરથે જ્યારે ગંગાવતરણ કરાવ્યું ત્યારે શિવે ગંગાના પ્રચંડ પ્રવાહને પોતાના મસ્તક પર ઝીલી લીધો. આમ શિવ સદૈવ અન્ય તમામ દેવોથી વિશેષ કામગીરી કરતા હોવાથી શિવમંદિરે હિંદુસ્તાનની પ્રજાનું એક સર્વોત્તમ આસ્થા પ્રતીક બની ગયું. એટલું જ નહીં, તમામ

દેવોમાં શિવ મહાદેવ તરીકે ઓળખાયા. શિવની જેમ જ શ્રીકૃષ્ણ મંદિરો પણ દેશના ગામેગામ અવશ્ય હોય છે. અહીં શ્રીકૃષ્ણ એટલે કોઈ એક ચોક્કસ સ્વરૂપ નથી. અનેક સ્વરૂપ શ્રીકૃષ્ણ આમ તો વિષ્ણુના અવતાર ગણાય છે. એટલું જ નહીં, શ્રીકૃષ્ણના દેવ સ્વરૂપને વિવિધ દૃષ્ટિએ આત્મસાત્ કરીને એમને મંદિરમાં પ્રસ્થાપિત કરનારાઓ પરસ્પર વિરોધી પણ હોય છે ! આ એક ભારે કરુણ વિડંબના છે. પણ ધર્મક્ષેત્રે વિડંબનાઓનાં સ્વરૂપ પણ સ્વીકાર્યા વિના ચાલે એમ નથી. જે રીતે શિવ સ્વયમ્ સમૃદ્ધિ કે સર્વોચ્ચ સ્થાનના પ્રતીક નથી બની રહેતા એ જ રીતે શ્રીકૃષ્ણ પણ ત્યાગ, તપસ્યા અને અશુભ ઉપર શુભના પ્રતીક તરીકે આજીવન રહ્યા છે. એમના જીવનચરિત્ર વિશે સમજણના અભાવે વિતંડાવાદ થઈ શકે. શ્રીકૃષ્ણ મનુષ્ય રૂપે જન્મેલા છે. શિવ અજન્મા છે. જેનો જન્મ થયો જ ન હોય અને મહાનતા વિશે થોડીક શાબ્દિક વાતો કરી શકીએ. પણ એના શિખરને સ્પર્શી શકાય નહીં. શ્રીકૃષ્ણ જન્મધારી છે, દેહધારી છે, મૃત્યુવશ છે અને આ બધા કાળ દરમિયાન એમણે પૃથ્વી પર રહેલા મનુષ્યો સમક્ષ એક જીવન વિશેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપ્યું છે. કૃષ્ણ રાજા નથી બન્યા, ચક્રવર્તી નથી થયા, એમણે જીવનભર કોઈને પોતાના શત્રુ નથી માન્યા. જરૂર પડ્યે અશુભ તત્ત્વનો નાશ કર્યો છે. આમ કરવામાં પોતાના મસ્તક ઉપર અપયશ પણ લીધો છે. સમાજમાં જે હોવું જોઈએ એ નહોતું ત્યારે પોતે ભગવદ્ સ્વરૂપ નહીં પણ મનુષ્યરૂપ ધારીને મનુષ્યને દોરવ્યા છે. શિવ બ્રહ્મસ્વરૂપ છે. અને શ્રીકૃષ્ણ આ સ્તર પર ઊભા રહીને ભગવાન બને છે.

દેશનું એકેય ગામ એવું નહીં હોય કે જ્યાં શ્રીકૃષ્ણમંદિર નહીં હોય. શ્રીકૃષ્ણની પત્ની રુક્મણી છે અને છતાંય કૃષ્ણમંદિરમાં કૃષ્ણના ડાબા પડખે રાધાજી પ્રસ્થાપિત થયાં છે. આ રાધાજી શ્રીકૃષ્ણનાં પત્ની નથી. એટલું જ નહીં પણ રાધાનું હોવું પણ વિવાદાસ્પદ છે. પણ સાંસારિક જીવનમાંથી પસાર થઈ રહેલા મનુષ્યો માટે આ એક અત્યંત ઉદાત્ત ઉદાહરણ છે. શ્રીકૃષ્ણ બંસરીવાદક છે, સુદર્શન ચક્રધારી છે, ગીતાના ગાયક છે. અને રાધા સાથે બિરાજ્યા હોવા છતાં બાલ્યાવસ્થાથી જ રાધાનો ત્યાગ કર્યો છે. આ યોગ અને આ ત્યાગ બંને મનુષ્યજીવન માટે કેવો ભવ્ય આદર્શ છે એનો સંકેત કૃષ્ણે આપ્યો છે અને આ સંકેત જ શ્રીકૃષ્ણને ગામેગામ મંદિરમાં, પ્રસ્થાપિત કરે છે.

હવે એક ત્રીજા મંદિર વિશે અહીં થોડીક વાત કરવી છે. જે આ ત્રીજા મંદિરમાં બિરાજે છે એ દેવની વાત ભારે અદ્ભુત છે. એ દેવ નથી, એ મનુષ્ય પણ નથી. એના જન્મ વિશેની કથા આપણને બહુ ગૌરવ અપાવે એવી પણ નથી. આ દેવનું નામ હનુમાન છે. હનુમાન વાનર છે. કિષ્કિંધાના રાજા એક સેવક છે. કિષ્કિંધાના રાજાએ એમની સેવા શ્રીરામને આપી. રાજાની આજ્ઞા પ્રમાણે એ શ્રીરામના સેવક બન્યા. એ આખી જિંદગી શ્રીરામના સેવક રહ્યા. શ્રીરામના સ્વર્ગારોહણ પછી પણ રામસેવક તરીકે એ પૃથ્વી પર રહ્યા છે. એમને એમના સ્વામી શ્રીરામ તરફથી અમરત્વનું વરદાન મળેલું છે. જે રીતે પરબ્રહ્મ શિવ અને મનુષ્યધારી શ્રીકૃષ્ણ ત્યાગ, તપસ્યા અને જીવનને નિર્લેપ જોવાની દૃષ્ટિ આપે છે એ જ રીતે વાનર સ્વરૂપે રહેલા હનુમાન ત્યાગ અને તપસ્યાના પ્રતીક બનીને રહ્યા છે.

શિવ બ્રહ્મરૂપ છે, શ્રીકૃષ્ણ મનુષ્ય રૂપે છે અને હનુમાન મનુષ્યથી પણ ઊતરતી કક્ષાએ વાનર રૂપે રહ્યા છે. પરમાત્મા કોઈ પણ સ્વરૂપે હોઈ શકે છે. એને પરબ્રહ્મ, મનુષ્ય કે વાનર એ બધા તો આપણી સગવડ ખાતર આપણે કરેલાં વિભાજનો છે. જીવ વાનર જેવી ઊતરતી યોનીનો હોય તોપણ પોતાના ત્યાગ અને તપસ્યાથી દેવરૂપ બની શકે છે. સૌથી નોંધપાત્ર વાત તો એ છે કે હનુમાન રામના સેવક હોવા છતાં સપ્તાહના સાત દિવસો પૈકી એક શનિવાર આખો એમને ફાળવવામાં આવ્યો છે. શ્રી રામને પણ રામનવમી સિવાય આખા વરસમાં કોઈ ચોક્કસ દિવસ મળ્યો નથી.

બીજી એક નોંધપાત્ર વાત એ પણ છે કે પ્રત્યેક શિવમંદિરમાં હનુમાનજીનું પ્રતિષ્ઠાપન થતું જ હોય છે. એ જ રીતે કોઈ પણ શ્રીરામ મંદિર હનુમાનજીની સ્થાપના વિના પૂર્ણ નથી બનતું. આનો અર્થ એવો થયો કે દેશમાં સૌથી વધુ સંખ્યામાં હનુમાનજીની પ્રતિમા જ મંદિરોમાં પૂજાસ્થાનકે પ્રતિષ્ઠિત થઈ હોય છે. ચોક્કસ મૂર્તિવિધાન વિના કોઈ પણ ધર્મના અનુયાયીને પ્રાથમિક કક્ષાએ ચાલતું નથી. હિંદુ ધર્મે શિવ, શ્રીકૃષ્ણ અને હનુમાન આ ત્રણ જીવનચરિત્રો અને મૂર્તિવિધાન દ્વારા સંદેશો આપ્યો છે કે સમગ્ર બ્રહ્માંડમાં સર્વત્ર એક પરમતત્ત્વ રહેલું છે અને આ પરમતત્ત્વને કોઈ પણ સ્વરૂપે સંવેદી શકાય છે. આ પરમતત્ત્વને ધર્મના નામે સંકુચિત કરી દેવાની જરૂર નથી. અહીં માત્ર એટલું જ ધ્યાનમાં લેવા જેવું છે કે એમને પ્રણામ કરાય, એમની પાસે ન બેસાય !

**સાભાર : અખંડ આનંદ, એપ્રિલ ૨૦૨૩**

BIO -DATA



**PERSONAL DETAILS**

Full Name : **Akhil Anilkumar Parekh**

Caste : Hindu Valand

Height : 5' 7" Weight: 77 Kg

Hobbies : Travelling, Listening Music

Date of Birth : November 5th 1998

Place of Birth : Anand, Juth : 22-40

Mosal : Bhupendrabhai R. Parekh
Karamsad, Anand

**EDUCATIONAL QUALIFICATION**

Education Level : Bachelor of Engineering

Education Details : Chemical Engineering (GCET,Vallabh Vidhyanagar, Anand)
Petroleum Engineering (SAIT, Calgary, Canada, Currently on Student Visa)

**RESIDENTIAL ADDRESS**

Ambika Society, Opp. High school, Mogar
Ta-Dist: Anand

**CONTACT DETAILS**

+91 7383365442, +91 9898869450

**FAMILY BACKGROUND DETAILS**


Father : Anilkumar Chhotabhai Parekh

Father's Occupation : P.A. to Advocate R.T. Shah (Anand)

Mother : Meenaben (Housewife)

Sisters : Puja Niravkumar Valand
(Married- Canada)
Jahnavi Umangkumar Valand
(Married- Canada)

BIO -DATA



Name : **Dhruv Limbachiya**

Date of Birth : 01/05/1994

Birth Place : Ahmedabad

Caste : Hindu Valand, Ter Samaj

Address : G-06, Shayona City 3, Ghatlodiya, Ahmedabad, Gujarat – 380061

Contact Details : + 91-9974095342 (Mother's Cellphone)

Height : 5' 8" Weight : 67 kg

Status in Canada : Canada PR

**Education :**

1. PGDM in Supply Chain and Logistics Management (Lambton College – Toronto)
2. PGDM in Management (Somlalit Institute of Management – Ahmedabad)
3. B-Tech in Mechanical Engineering (Gujarat Technical University)

**Work Experience :**

Employed as a Logistics Co-Ordinator at a private firm in Mississauga, Ontario.
Also, working part-time at IKEA Canada.

**Family Background :**

Father : Late. Mr. Ishvarbhai Nai (Valam)

Mother : Ms. Sarojben Nai (Unjha)

Siblings : 1. Priti Hemangkumar Limbachiya (Married – Dhinoj, living in Ahmedabad)
2. Kavita Saurabh Mahajan (Married – Panvel, living in Ahmedabad)
3. Jyoti Mitul Parmar (Married – Borsad, living in Toronto)

# અવસાન નોંધ

* **વસોદરા,** હાલ સાણંદ : **રાજુભાઈ બાબુભાઈ વાળંદ**નું તાજેતરમાં અવસાન થયેલ છે.
* **માણકોલ : નર્મદાબેન કાનજીભાઈ વાળંદ**નું તા. ૪-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **લીંચ,** હાલ અમદાવાદ : **પોપટભાઈ સેંધાભાઈ વાળંદ**નું તા. ૧૬-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **આસજોલ (મુંબઈ) : સીતાબેન બચુભાઈ લિમ્બાચીયા**નું તા. ૨૧-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **મોટી રાન્તાઈ,** હાલ અમદાવાદ : **હીરાબેન કાંતિલાલ લિમ્બાચીયા**નું તા. ૨૯-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **મુદરડા : ઈશાબેન ગાંડાલાલ નાયી**નું તા. ૨૯-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ચુંવાળડાંગરવા : હીરાબેન ગોદળભાઈ ડાગરુચિયા**નું તા. ૧૦-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **જખવાડા,** હાલ સાણંદ : **ગણપતભાઈ ચકુભાઈ ખાવડિયા**નું તા. ૧૩-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ભાવનગર : ચંદ્રકાંત લાલજીભાઈ અમરેલિયા** (અચલભાઈ)નું તા. ૧૨-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ગાંધીનગર : ફુલચંદ ચુનીલાલ નાયી** (એએસઆઈ) નું તાજેતરમાં અવસાન થયેલ છે.
* **રૂની : ગોમતીબેન ખેમાભાઈ નાયી**નું તા. ૧૦-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ભાત,** તા. દસક્રોઈ : **ઘનશ્યામભાઈ કેશવલાલ શર્મા**નું તા. ૫-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ચવેલી : ગણપતલાલ છગનદાસ નાયી**નું તા. ૨૦-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ગંગેટ :** હાલ અમદાવાદ. **ગણપતલાલ ઈશ્વરલાલ નાયી**નું તા. ૧૮-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ઉનાવા,** હાલ સુરત : **ગગનવિહારી ચીમનલાલ લિમ્બાચિયા**નું તા. ૧૩-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ભાંડુ,** હાલ ન્યુજર્સી : **હસમુખલાલ ઠાકોરદાસ લિમ્બાચીયા**નું તા. ૧૨-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **પાટણ : પરાગકુમાર મુકેશકુમાર લિમ્બાચીયા**નું તા. ૧૩-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ખડદા : મીનાબેન નટવરલાલ નાયી**નું તા. ૩-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ઊંઝા : હર્ષદભાઈ કસ્તુરભાઈ નાયી**નું તા. ૫-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **વડાવલી,** હાલ અંજાર : **ચંચળબેન બાબુલાલ નાયી**નું તા. ૩૦-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **દેલવાડ,** હાલ રખીયાલ : **મધુબેન બબલદાસ વાળંદ**નું તા. ૩૦-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **માંડોત્રી,** હાલ પાટણ : **રામાભાઈ સોમચંદદાસ નાયી**નું તા. ૨૨-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **જગતપુર,** હાલ અમદાવાદ : **કોકિલાબેન મોહનલાલ વાળંદ**નું તા. ૧૩-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **બાલીસણા : મણીલાલ ગોવિંદલાલ લિમ્બાચીયા**નું તા. ૧૯-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **લણવા : ધર્મેન્દ્રકુમાર જયંતીલાલ લિમ્બાચીયા**નું તા. ૧૯-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ખોરજ : દિલીપભાઈ પ્રભુભાઈ વાળંદ** (જલારામ) નું તા. ૨૨-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ઉનાવા : સરસ્વતીબેન અમૃતલાલ લિંબાચીયા**નું તા. ૧૭-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **મંડાલી,** હાલ અમદાવાદ : **ભાવિક પરેશભાઈ વાળંદ**નું તા. ૧૨-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ધિણોજ : પ્રિતેષભાઈ બાબુભાઈ નાયી**નું તા. ૭-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **સંડેર : બબુબેન અંબાલાલ નાયી**નું તા. ૧૦-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ઊંઝા,** હાલ અમદાવાદ : **રાજેશભાઈ લક્ષ્મણભાઈ નાયી**નું તા. ૩-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ગોઠવા : હસમુખભાઈ ઘેલાભાઈ નાયી**નું તા. ૨૬-૧૧-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **પામોલ : રતનબેન ચંદુલાલ નાયી**નું યુ.કે. ખાતે તા. ૧-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **લાડોલ : કાજલ ભાવિનભાઈ નાયી**નું તા. ૧૧-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ગોઠવા : કાન્તિભાઈ લલ્લુરામ નાયી**નું તા. ૧૮-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **વરસોડા : સંતોકબેન પરસોત્તમદાસ નાયી**નું તા. ૧૯-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.
* **ઢૂંઢર,** તા. હિંમતનગર : **સોમીબેન કોદરભાઈ નાયી**નું તા. ૨૪-૧૨-૨૩ના રોજ અવસાન થયેલ છે.

**ઉપરોક્ત દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા ચિર:શાન્તિ અર્પે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.**

## ગુજરાત વાળંદ સેવા સંઘની ત્રિવિધ પાંખ

- **પુંધરા વાળંદ વિદ્યાર્થીગૃહ**

**ચેરમેન, : મુકેશભાઈ પી. નાયી**

સને ૧૯૫૮માં આ વિદ્યાર્થીગૃહ 'પુંધરા' ગામના આફ્રિકન દેશમાં વસતા જ્ઞાતિજનોના માનાર્થે 'પુંધરા વાળંદ વિદ્યાર્થીગૃહ'નામથી શરૂ થયેલ. આ વિદ્યાર્થીગૃહમાં અત્યાર સુધીમાં આશરે પાંચેક હજાર વિદ્યાર્થીઓ રહી અભ્યાસ કરી ચૂક્યા છે અને એમાંથી ઘણા સારી નોકરીએ લાગ્યા છે. મિત્રો આવનારા સમયમાં વિદ્યાર્થીગૃહમાં આધુનિકતા તેમજ સુવિધાયુક્ત ૪૮ રૂમ, લાયબ્રેરી, ટ્રેનીંગ સેન્ટર, કોમ્પ્યૂટર લેબ, અદ્યતન રસોડું, ડાઈનીંગ જેવી તમામ સગવડો મળી રહે તેવા તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. જે વિદ્યાર્થીમિત્રો ભૂતકાળમાં વિદ્યાર્થીગૃહમાં રહી ચૂક્યા હોય એ તમામને નમ્ર વિનંતી કે આપના દાનના સહયોગ થકી સમાજની શિક્ષણ વાંચ્છુ ભાવિ પેઢીને પણ તેનો લાભ મળી રહેશે.

- **મુખપત્ર 'વાળંદ વિકાસ'**

**તંત્રી : જયંતિભાઈ કે. લીંબાચીયા**

સને ૧૯૫૭થી આજસુધી સંસ્થા નિરંતર 'વાળંદ વિકાસ માસિક' પત્રિકાનું પ્રકાશન કરે છે. વાળંદ વિકાસ એ સંસ્થા અને સમાજ વચ્ચે કડીરૂપ કાર્ય કરી રહ્યું છે. પત્રિકા દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓ ગુજરાતભરના સમાચારો, સામાજિક કે શૈક્ષણિક કાર્ય જે સમાજ દ્વારા થતા હોય છે એને આપ સમક્ષ મૂકી સમાજને જાગૃત રાખવાનું કાર્ય કરી રહ્યું છે. હાલમાં વાળંદ વિકાસના ૨૦૦૦થી વધુ ગ્રાહકો છે. જે સમાજની સંસ્થાની દૃષ્ટિએ બહુ જ ઓછા કહેવાય. મારી આપ સૌને વિનંતી કે જ્યાં સુધી બિલ્ડીંગ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી વાળંદ વિકાસ મુખપત્રમાં ક્યુ.આર. કોડ મૂકવામાં આવશે તો આપ સૌ એનો ઉપયોગ કરી આપ પણ ૧ ફૂટના રૂ. ૫૧૫૧/-થી લઈને હજારો ફૂટનું દાન આપી અપાવી સમાજના આ ભવન નિર્માણમાં પુણ્યશાળી દાતા બની શકો છો.

- **રેવાબા સાંસ્કૃતિક હૉલ**

**ચેરમેન : અરવિંદભાઈ એસ. દમણી**

વિદ્યાર્થીગૃહના કેમ્પસમાં જ સ્વ. રેવાબેન રેવાભાઈ નાયીના સ્મરણાર્થે તેમના પુત્ર જ્યોતિન્દ્રભાઈ નાયીના મુખ્ય દાન થકી નિર્માણ થયેલ 'રેવાબા સાંસ્કૃતિક હોલ' પણ આપણા સમાજની શોભા સમાન એક નજરાણું બની રહેલ. આપણી જ્ઞાતિના અનેક મંડળો, સંગઠનો, સમાજો પણ પોતાના સેમિનાર, સભા, મેળાવડા જેવી પ્રવૃત્તિઓ અહીં યોજી લાભ લઈ ચૂક્યા છે. આ સાંસ્કૃતિક હોલના અનેક અંગત શુભપ્રસંગોના ઉપયોગ થકી સંસ્થાને સારી એવી આવક પણ ઊભી થઈ છે. નવિન બહુમાળી ભવનમાં પણ સમાજના વિવિધ વર્ગોને આવી સવલત વિશાળ હૉલમાં અદ્યતન સુવિધાયુક્ત મળી રહે તેવું આયોજન કરાયું છે.

### ઉજ્જવલ ભવિષ્યની આકાંક્ષા

આપણું સદ્‌ભાગ્ય છે કે ગુજરાત વાળંદ સેવા સંઘના સ્થાપકો દીર્ઘ દૃષ્ટિવાળા હતા કે તેમણે આ જગ્યા યુનિવર્સિટી કેમ્પસ નજીક વિદ્યાર્થીગૃહ માટે પસંદ કરી હતી. અમદાવાદ શહેરના મોકાના વિસ્તારો નવરંગપુરા, સી. જી. રોડ, પંચવટી અને ગુલબાઈ ટેકરામાં આવેલી આ જમીન પસંદ કરવામાં તેમણે દર્શાવેલી કુનેહ અને ભવિષ્યની જરૂરીયાતને જોઈ શકનારી તેમની દીર્ઘદૃષ્ટિને દાદ દેવી પડે. આમ અમદાવાદ શહેરના હૃદયસમા વિસ્તારમાં આવેલી આપણી જગ્યા આ વિસ્તારની પ્રવર્તમાન બજારકિંમત જોતાં કરોડોની મિલકત ગણાય. આવી મિલકતના પુનરુત્થાનના કાર્યમાં જોડાવું આપણા માટે પ્રતિષ્ઠારૂપ નીવડશે અને આવનાર ભવિષ્યની પેઢી માટે મૂકેલ ધરોહર ચિરકાળ સુધી સ્મૃતિમાં રહેશે.

આપણા સમાજને આપણી સંસ્થા દ્વારા હાલ જે સેવાઓ ઉપલબ્ધ છે તે જાળવી રાખવા તેમજ તેમાં ઉમેરો કરવા માટે ભવિષ્યમાં આવનારા વર્ષોમાં ઊભી થનારી તમામ જરૂરિયાતોને પહોંચી વળાય તેવા સંકુલનું નિર્માણ કરવું આજે જરૂરી બની રહ્યું છે.

સંસ્થાની વર્તમાન ઈમારત સાત માળની બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. એક વિશાળ આધુનિક રસોઈગૃહ પૂર્ણ સુવિધા ધરાવતું ડાઈનીંગ હોલ અદ્યતન તેમજ વાઇ-ફાઈ સુવિધાથી સજ્જ સાંસ્કૃતિક હોલ તેમજ નવીન ટેકનોલોજીયુક્ત ટ્રેનીંગ, લાઈબ્રેરી સેન્ટર સરકાર માન્ય લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયાર કરાશે જે પાસ કરી આપણા બાળકો સર્ટીફિકેટ/ડીપ્લોમા મેળવી સારી નોકરી કે પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા સક્ષમ બનશે.

ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદ જેવા મેગાસીટીમાં આપણા સમાજની શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક જરૂરિયાતો સંતોષવા માટેની સુવિધા ધરાવતું સંકુલ જે આપ સૌના સાથ અને સહકારથી ઉદય પામશે તે સમાજના પ્રત્યેક નાગરિક માટે ગૌરવ લેવા જેવું નજરાણું બની રહેશે.

### ગુજરાત વાળંદ સેવા સંઘ

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રમુખશ્રી | વિપુલભાઈ વી. દલાલ | ૯૮૨૪૫૨૫૨૪૪ | મંત્રીશ્રી | ભાનુભાઈ એન. વૈદ્ય | ૭૪૦૫૮૨૮૯૫૫ |
| ઉપપ્રમુખશ્રી | સંજયભાઈ પારેખ | ૯૯૦૯૦૦૧૯૭૦ | સહમંત્રીશ્રી | વિજયભાઈ લિમ્બાચિયા | ૯૮૨૫૩૦૫૩૬૨ |
| ઉપપ્રમુખશ્રી | પંકજભાઈ કે. નાયી | ૯૮૭૯૦૯૮૮૮૭ | સહમંત્રીશ્રી | પ્રવિણભાઈ લિમ્બાચિયા | ૯૪૨૮૦૦૮૭૫૪ |
| ઉપપ્રમુખશ્રી | મહેન્દ્રભાઈ બાવરિયા | ૯૮૨૫૬૩૪૨૫૬ | સહમંત્રીશ્રી | મહેશભાઈ જોટંગીયા | ૮૩૪૭૩૮૮૮૮૮ |
| ઉપપ્રમુખશ્રી | વિજયભાઈ બગથરીયા | ૯૮૨૫૦૮૯૦૦૧ | કોષાધ્યક્ષશ્રી | નરોત્તમભાઈ નાયી | ૯૮૯૮૯૫૯૩૦૫ |
| અગ્રણી દાતા ટ્રસ્ટીશ્રી | સુરેશભાઈ જે. શર્મા | ૯૮૯૮૦૦૦૫૫૮ | અન્વેષકશ્રી | મૌલિકભાઈ બી. પારેખ | ૯૬૩૮૧૦૦૦૦૭ |

**દાન માટે ઉપર પૈકી કોઈનો પણ સંપર્ક કરી શકાશે**

## નવા પ્રોજેક્ટની રૂપરેખા

કુલ બાંધકામ - ૮૨,૦૦૦ સ્ક્વેર ફીટ (આશરે)

- ભોયરૂ તથા સાત માળ
- લીફ્ટ, હોસ્ટેલ તથા હૉલ માટેની અલગ સીડી
- ભોયરૂ - ૧૪,૦૦૦ સ્ક્વેર ફીટ - પાર્કીંગ
- ગ્રાઉન્ડ ફ્લોર - ૮૭૦૦ સ્ક્વેર ફીટ (આશરે)
  - ૪,૦૦૦ સ્ક્વેર ફીટ ડાયનીંગ હૉલ
  વરવધૂના રૂમ, જાન માટેનો ઉતારાનો રૂમ તથા રસોડું
- ફસ્ટ ફ્લોર - ૮,૭૦૦ સ્ક્વેર ફીટ (આશરે), મેરેજ હૉલ (એરકન્ડીશન)
  વરવધૂના રૂમ સાથે
- સેકન્ડ ફ્લોર - ૮,૭૦૦ સ્ક્વેર ફીટ (આશરે), હૉસ્ટેલ ઓફિસ
  ટ્રસ્ટી મીટીંગ રૂમ - સેમીનાર રૂમ
- થર્ડ ફ્લોર - ૮,૭૦૦ સ્ક્વેર ફીટ (આશરે)
  લાઇબ્રેરી રૂમ, ગૃહપતિ રહેઠાણ, વિદ્યાર્થી હૉસ્ટેલ માટેનું
  રસોડું અને ડાયનીંગ હૉલ
- ફોર્થ ફ્લોર
- ફીફ્થ ફ્લોર
  અને
- સીક્સ્થ ફ્લોર

(ફોર્થ, ફીફ્થ અને સીક્સ્થ ફ્લોર) — દરેક માળમાં ૮,૭૦૦ સ્ક્વેર ફીટ (આશરે) અને વિદ્યાર્થી ગૃહ માટે દરેક માળ દીઠ ૧૬ (સોળ) રૂમ

**આ નવિન બિલ્ડીંગમાં વિદ્યાર્થીગૃહના ૩, ૪ અને ૫ એ દરેક માળના નામકરણના સહયોગી દાતા બનાવવાના છે. જે પ્રત્યેક માળના રૂપિયા ૫૧,૦૦,૦૦૦/- નક્કી કરેલ છે. આ ભવનમાં બે સાંસ્કૃતિક હૉલ નીચેના માળ પર બનાવવાના નામકરણના સહયોગી દાતા માટે હોલ દીઠ રૂપિયા ૫૧,૦૦,૦૦૦/- નક્કી કરેલ છે. આ સિવાયના પ્રથમ અને બીજો એમ બે માળના દાતા માટે દરેક માળ દીઠ નામકરણ માટે દાન રૂપિયા ૭૫,૦૦,૦૦૦/- નક્કી કરેલ છે.**

સુજ્ઞ જ્ઞાતિજનો,

આ ભવ્ય ઈમારતનું બાંધકામ ૮૨,૦૦૦ ચોરસ ફૂટથી પણ વધારે વિસ્તારમાં છે. જેમાં બેઝમેન્ટ સહિત ગ્રાઉન્ડ + ૬ માળ (ભવિષ્યમાં ૧૧ માળ સુધી બાંધકામ થઈ શકે તેવું આયોજન છે)નો પ્રોજેક્ટ છે. આ માટે સમાજના જ્ઞાતિજનો ઓછામાં ઓછા એક ચોરસ ફૂટના રૂપિયા ૫૧૫૧/-થી શરૂ કરી પોતાની સક્ષમતા અનુસાર મોટી રકમનું દાન આપે તે માટે આહ્‌વાન છે. આ પ્રોજેક્ટ શક્ય તેટલો ઝડપથી અને વહેલો પૂર્ણ કરી શકાય તે માટે ઉદાર હાથે દાન આપી-અપાવી આ ઉમદા કાર્યમાં સહયોગી બનવા નમ્ર અપીલ છે.

**કાળીદાસ કે. પારેખ,** પ્રોજેક્ટ ચેરમેનશ્રી અને ટ્રસ્ટી
**મો. ૯૯૨૫૬૦૪૪૪૩**

**ગોપાળભાઈ કે. વાળંદ,** વાઇસ ચેરમેનશ્રી અને ટ્રસ્ટી
**મો. ૯૯૦૯૯૭૮૩૮૯**

**ગુજરાત વાળંદ સેવા સંઘ**

## BIO-DATA



Name : **Dhiraj Jayantibhai Nayi**

**Personal Details**

Caste : Hindu - Nayi
DOB : 11 - 12 - 1995
Height : 5' 7"
Weight : 64 Kg.
Blood Group : O +
Education : B.A., M.A., B.ED With English
Occupation : Medical Representative And Tution Classes
Income : 4 Lakhs

**Family Details**

Father : Late Jayabtibhai Dhulabhai Nayi
Mother : Jagrutiben Jayantibhai Nayi
Occupation : Housewife
Brother : 1 Married
Maternal : Shaileshkumar Bhikhalal Vaidya

**Other Details**

Address : 101, Kedar Floright Nr. Baps Swaminarayan Mandir, Kankrol Himmatnagar
Email : dhirajnayi1112@gmail.com
Contact : WhatsApp No - 6359597301

## BIO-DATA



Name : **Dhavalkumar Girishbhai Nayi**

**Personal Details**

Caste : Hindu- Nayi
DOB : 25/1/1990
Blood Group : O +
Height : 5' 7"
Weight : 72 Kg.
Education : B.A With English, Computer Science
Occupation : Relationship Manager
Income : 3 Lakh

**Family Details**

Father : Late Girishbhai Dhulabhai Nayi
Mother : Nirmalaben Girishbhai Nayi
Occupation : Housewife
Sister : 2 Married
Maternal : Shaileshkumar Bhikhabahi Vaidya

**Other Details**

Address : Atpo-Eklara, Ta-Idar, Dist-Sabarkantha 383225
Email : dhavalnayi999@gmail.com
Contact : 9512909445

Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO
on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2022-2024
Dt. 21-10-2021 Valid upto 31-12-2024 issued by SSPO's Ahmedabad City Division



## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ શ્રદ્ધાંજલિ

## સ્વર્ગસ્થ લીલાબેન બાબુભાઈ વાળંદ

જન્મ તા. ૧૭-૧૦-૧૯૩૧
સ્વ. તા. ૦૬-૦૧-૨૦૨૩

પરિશ્રમ ખૂબ લઈ ઉજાળિયા જીવન અમારા, ભૂલશે નહી કદી આ જગત, કાર્ય આપના.
આપ જ્યારે હતા ત્યારે નહોતી લવલેશ ચિંતા અમોને, ચંદનની જેમ જાત ઘસી સુવાસ પ્રસરાવી તમોએ.
સમય ખૂબ ઝડપથી વીતી જાય છે, ક્યાં ખબર પડે છે, આમ ને આમ એક વર્ષ વીતી ગયુ.
આપનું જીવન, આપની જીવનશૈલી એ અમારી પ્રેરણા છે. દરેક પ્રસંગે યાદ આવો છો આપ.
આપના ઉગ્ર સ્વભાવ માં પણ ગર્ભિત પ્રેમ હતો, તેથી પરિવાર ને સાથે રાખી જીવી જાણ્યા.
આપની ખોટ ક્યારેય પુરાવવાની નથી.
પરમકૃપાળુ પરમાત્મા આપને સદગતિ અને મોક્ષ આપે એવી પ્રાર્થના.

| | |
|---|---|
| રોહિતભાઈ બાબુભાઈ પારેખ (પુત્ર) | મંજુલાબેન રોહિતભાઈ પારેખ (પુત્રવધુ) |
| લક્ષ્મણભાઈ બાબુભાઈ વાળંદ (પુત્ર) (લંડન) | સુધાબેન લક્ષ્મણભાઈ વાળંદ (પુત્રવધુ) (લંડન) |
| ભૂપેશભાઈ બાબુભાઈ પારેખ (પુત્ર) (કેનેડા) | રેખાબેન ભૂપેશભાઈ પારેખ (પુત્રવધુ) (કેનેડા) |
| કમલેશકુમાર નટવરલાલ પારેખ (જમાઈ) (USA) | જ્યોત્સનાબેન કમલેશકુમાર પારેખ (પુત્રી) (USA) |
| રાજેશકુમાર બીપીનચંદ્ર પારેખ (જમાઈ) (USA) | દિપ્તી રાજેશકુમાર પારેખ (પુત્રી) (USA) |
| કેતન રોહિતભાઈ પારેખ (પૌત્ર) | રેખા કેતન પારેખ (પૌત્રવધુ) |
| સચીન લક્ષ્મણભાઈ વાળંદ (પૌત્ર) (લંડન) | |
| અમિત લક્ષ્મણભાઈ વાળંદ (પૌત્ર) (લંડન) | સોનિયા અમિત વાળંદ (પૌત્રવધુ) (લંડન) |
| વરૂણ ભૂપેશભાઈ પારેખ (પૌત્ર) (કેનેડા) | બીજલ વરૂણ પારેખ (પૌત્રવધુ) (કેનેડા) |
| દર્શન ભૂપેશભાઈ પારેખ (પૌત્ર) (કેનેડા) | પમલ દર્શન પારેખ (પૌત્રવધુ) (કેનેડા) |
| ધ્યેય કેતન પારેખ (પ્રપૌત્ર) | આયરા દર્શન પારેખ (પ્રપૌત્રી) (કેનેડા) |
| પરિન વરૂણ પારેખ (પ્રપૌત્ર) (કેનેડા) | |

Printed & Published by BALUBHAI BABABHAI PAREKH on behalf of SHREE GUJARAT VALAND SEVA SANGH and Printed at NAVPRABHAT PRINTING PRESS, 9, Punaji Industrial Estate, Dhobighat Cross Road, Dudheswar, Ahmedabad-380004, and Published from VALAND VIKAS Karyalaya, Gulbai Tekra, Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006.
Editor - JAYANTIBHAI KARSHANBHAI LIMBACHIYA